# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



## કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ચૅરમૅન (ઈલેક્ટ) | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી દિનેશ વી. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી.શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી રવજી જી. ગાલા | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી શૈલેશ ડી. શાહ |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

**છૂટક મુલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૪૦/-**


[illegible].....



**આદરણીય સભ્ય સ્વજનો,**

જય જિનેન્દ્ર,

### નૂતન વર્ષાભિનંદન

આ અંક આપના હાથમાં આવશે ત્યારે વિક્રમ સંવત ૨૦૬૫ પૂરું થઈને વર્ષ ૨૦૬૬નું તાજગીભર્યું નવું વરસ ચાલુ થઈ ગયું હશે. તમને બધાને નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું અને પ્રભુને પ્રાર્થના કરું છું કે નવું વર્ષ આપણા રાષ્ટ્ર માટે, આપણા જેજેસી પરિવાર માટે તથા આપના માટે ખૂબ જ સુખદાયી, અર્થસંપન્ન અને ધર્મમય નીવડે. ચોમાસું આવે ને તહેવારપ્રિય આપણા દેશમાં તહેવારોની હારમાળા આવે છે. બીજો વાંધો નથી, પણ તહેવારોની ઉજવણીને કારણે આપણી કાર્યક્ષમતા પર ઊંધી અસર થાય છે. ઉત્પાદનમાં ઘટાડો નોંધાય છે, ફૅક્ટરી તથા ઑફિસોમાં હાજરી ઓછી થાય છે, નાહકના Non Productive ખર્ચાઓ વધે છે. આની આડકતરી અસર દેશની પ્રગતિ પર પડે છે, પણ તેની સાથે પ્રજામાં જોમ અને ઉત્સાહનો સંચાર થાય છે તે અગત્યનું છે. આપણે ધર્માભિમુખ-ધર્મભીરુ બનીએ છીએ જે આપણી સંસ્કૃતિને પોષે છે. જોકે, વર્ષો પહેલાં વિક્રમાદિત્યે હિમાલયની પેલે પારથી આવતા જુલમી નિર્દય હૂણ લોકોના આક્રમણને ખાળી હિમાલયની પેલે પાર ધકેલી દઈ દેશને સુરક્ષિતતા આપી તેની ખુશાલીમાં શરૂ કરવામાં આવેલ વિક્રમ સંવતને લોકો ઝડપથી વીસરી રહ્યા છે અને International Standardisation અપનાવી ઈશુ ખ્રિસ્ત વર્ષને અપનાવી રહ્યા છે. લક્ષ્મીપૂજન કે ચોપડાપૂજન કે અન્ય ઉજવણીને કોરાણે મૂકી લોકો બહારગામ જતા રહે છે. જોકે, તેમ થવાનાં બીજાં અનેક કારણો છે. દિવાળીમાં ફક્ત બોનસ મળવાની ખુશાલી જ બચી છે. જૈનોને બોનસ મળી ગયું? તેમ પૂછવાને બદલે બોનસ આપી દીધું? તેમ પૂછવું વધુ પ્રૅક્ટિકલ છે, કારણકે પરમ દયાળુ જિન શાસનની કૃપાથી મોટા ભાગના જૈનો હજી બોનસ આપવાની કક્ષામાં આવે છે.

તેવી જ રીતે સેન્ટ્રલ બોર્ડમાં એક જ પ્રશ્ન પૂછવામાં આવે – હાયર એજ્યુકેશન લોનનું આ વર્ષનું કામ પૂર્ણ થઈ ગયું? છેલ્લા ચારચાર મહિનાથી સેન્ટ્રલ બોર્ડના દરેકેદરેક પદાધિકારીઓ આ અભિયાનને લગતા Fund Collection અને Fund Distributionના કામમાં તનતોડ પરિશ્રમથી જોડાયેલા હતા. સેન્ટરોના સભ્યોના તથા દાતાઓના સાથ-સહકારથી આ વર્ષે ત્રણ કરોડ રૂપિયાનું બહુ જ વ્યવસ્થિતપણે Disbursement થયું છે તેનો સંતોષ થયો છે. આ માટે કહાનરાજ ટ્રસ્ટ અને સુભાષ રુણવાલ એજ્યુકેશન ફાઉન્ડેશનનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

શ્રી ધર્મેશભાઈ જૈન કે શ્રી નીતિનભાઈ સંઘવી જેવા સખાવતી આપણા જ પારિવારિક સભ્યો છે અને તે માટે જેજેસી ગૌરવ અનુભવે છે.

તા. ૧૫-૧૬-૧૭, જાન્યુઆરી, ૨૦૧૦ના દિવસો દરમિયાન ટ્રીટ રિસોર્ટ ખાતે કૉન્ફરન્સમાં આપણા કારોબારી સભ્યો ભેગા થવાના છીએ. વિવિધ વિષયોના વર્કશૉપમાં દરેક પદાધિકારીઓ-કારોબારી સભ્યોને અમે નવી દિશા આપવા માગીએ છીએ તેની અનુભૂતિ દરેકને પછીથી થશે.

દરેક કારોબારીની ચૂંટણી દ્વારા પુનઃ રચના તથા તેના અનુસંધાનમાં પૂર્વસૂચના પ્રમાણે અનુશાસનીય પગલાં બહુ જ જરૂરી છે. હાલના દરેક સેક્રેટરી તથા પ્રમુખ આ બાબત જરૂરી સાવચેતી લે તેવી અપેક્ષા હું રાખું છું. યુવાધન-યુવાશક્તિ-યુવાવિચારોની સનાતન ફિલોસોફીને પ્રાધાન્ય આપશો એવી નવી કમિટીની રચના ટાણે મારી શીખ છે.

સારા ઇરાદા સાથે શરૂ કરવામાં આવેલાં દરેક સારાં કામનાં ફળ મીઠાં-મધુરાં જ હોય છે. યુવામેળા કે સમૂહલગ્ન જેવાં હિતોપકારી કાર્યના ફળ આવી રહ્યાં છે અને જ્યારે હાયર એજ્યુકેશન અભિયાનનાં ફળ લાગશે ત્યારે તે કેવાં હશે તે જોઈ લેજો. બાકી દરેક સારાં કાર્યની કસોટી થાય જ છે. નિષ્ફળતા અને સફળતાના અંદેશા વચ્ચે તે ઝોલાં ખાય છે. ધીરજથી-સમતાથી ફળની આશા રાખ્યા વિના જો નિરપેક્ષભાવે કામ કરીએ તો મંજિલ સુધી ચોક્કસ જ પહોંચાય છે. મને જૈનોની અન્ય સંસ્થાઓ અને ટ્રસ્ટો તરફથી પૃચ્છા કરવામાં આવે છે કે તમે વિદ્યાર્થીઓને લોન આપો છો તેના પર કોઈ જ વ્યાજ નથી લેતા, કોઈ ગૅરંટી તમે લેતા નથી કોઈ સિક્યોરિટી માગતા નથી. Post Dated ચેક સિક્યોરિટી તરીકે લેતા નથી, તો પછી આ રકમ પાછી આવશે અને આ મહાયજ્ઞ ચાલુ જ રહેશે તેવી નિશ્ચિંતતા તમે કઈ રીતે રાખી શકો? મારે તેમને એટલું જ જણાવાવનું છે કે જૈન સમુદાય બહુ જ નાનો હોવા છતાં આટલી મોટી આર્થિક સિદ્ધિ કઈ રીતે હાંસલ કરી? બિઝનેસમાં જૈનો તેમના Pro-Commitment વર્તણૂકથી ભારે વિશ્વસનીયતા ધરાવે છે. તેઓ પ્રામાણિકતા-પરિશ્રમ-વ્યવહારથી જ મેદાન મારી જાય છે. હું તો દૃઢપણે માનું છું કે આજના જૈન વિદ્યાર્થીઓ મોટા થઈને કોઈ પણ સંજોગોમાં તેમના ઉપરનું ઋણ વીસરી જશે નહીં. લોન તો પરત કરશે જ, બલકે આ અભિયાન ચાલુ રાખવાની જવાબદારી પણ સંભાળી લેશે. તે માટે તેમને કોઈ પણ રીતે બાંધી જૈનોનાં સંસ્કાર-સંસ્કૃતિને અભડાવવાની જરૂર નથી. હું જ નહીં, પણ અમારા દરેક દાતાઓ તથા પદાધિકારીઓને આ વિશ્વાસ છે. They are Committed. અમે વિદ્યાર્થીઓને એટલા માટે ઈન્ટરવ્યુમાં નથી બોલાવતા કે તેની છાનબીન કરીએ. અમે તો Face to Face Interact કરીને તેને તસુભાર પણ ટેન્શન ન આવે, તેનો આત્મવિશ્વાસ પ્રજ્વલિત થાય તથા ભવિષ્ય વિશે સાચી ગાઈડલાઈન મળે તે માટે સંવાદ કરીએ છીએ. સાચી હકીકત જાણી ઘણી વાર નિયમો ચાતરી તેને લોન આપીને તેનામાં આત્મવિશ્વાસ પ્રેરીને મોકલીએ છીએ. શું માનો છો કે આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ચોક્કસપણે સુખી થઈને જેજેસીને ભૂલી જશે? આશા એ છે કે મારા આ અતૂટ વિશ્વાસ સાથે આપ સૌ સહમત થશો જ. અમે તો નિરાશામાં સરકી ગયેલા, નાસીપાસ થયેલા યુવાન જૈન વિદ્યાર્થીઓને સંજીવનીનો ડોઝ આપીએ છીએ. હકારાત્મક વિચારધારાને લઈને જ ચાર વર્ષ પહેલાં ફક્ત દશ લાખથી શરૂ થયેલો પ્રોજેક્ટ આજે ત્રણ કરોડ સુધી પહોંચ્યો છે. આગળ જુઓ, ભવિષ્યમાં આ પ્રોજેક્ટ જૈન સમાજમાં કેવી ક્રાંતિ સર્જે છે. વિદ્યાર્થીઓના વડીલોને આ ઋણમાંથી બાકાત રાખી, લોન પરત કરવાની જવાબદારીથી વિમુખ રાખી વિદ્યાર્થીઓને એવું ગૌરવ બક્ષીએ છીએ કે તેઓને લાગે કે તેઓ કોઈ જ ડોનેશનથી નથી ભણ્યા, પણ સ્વબળે પોતાની હેસિયતથી પૈસાની વ્યવસ્થા કરીને ભણ્યા છે.

વિલે પાર્લેની એક ખ્યાતનામ કૉલેજમાં પ્રથમ નંબરે પાસ થયેલી વિદ્યાર્થિની તેના આર્થિક સંજોગોને લીધે, આગળ ભણવાની ક્ષમતા હોવા છતાં એવું નક્કી કરીને આવી કે કોઈ Corrospondance Course કરવો. તેની સાથેના સંવાદથી સેન્ટ્રલ બોર્ડને માલૂમ પડ્યું કે હોંશિયાર દીકરી હોવા છતાં તેની કેરિયર રૂંધાઈ જશે. જેથી સૌથી પહેલા તો તેના Corrospondance અભ્યાસ માટે ચેક આપી દીધો અને તેને ખાતરી આપી કે જો તે MBA થવા માટે નિર્ણય લે તો જેજેસી એને બધી જ મદદ કરશે. તેમ કરવા માટે તેને તૈયાર કરી ચેક આપી વિદાય કરી. અમારા આશ્ચર્ય વચ્ચે બીજા અઠવાડિયે તે ચેક પરત કરવા આવી અને કહ્યું કે તે આગળ ભણશે જ અને તે માટે જરૂરી Enterance Exam આપશે. જો તેણે ધાર્યું હોત તો ચેક વટાવી લીધો હોત. આ એક ઉદાહરણ છે જેજેસીની મક્કમતાનું અને જૈન બાળકોની પ્રામાણિકતાનું

અને વિશ્વસનીયતાનું! તમે જ ચુકાદો આપો કે આવા જૈન સમાજ પર વિશ્વાસ મૂકી ન શકાય?

વેવિશાળ સંબંધી સમસ્યાથી ઘેરાઈ ગયેલા આપણા જેજેસી પરિવાર માટે સફળ યુવામેળા બાદ, બધા જ સભ્યોના ઘેરઘેર સુધી પહોંચવા માટેના એક અભિયાનરૂપે 'સગપણ માહિતી વિશેષાંક' લઈને આવી રહ્યા છીએ. સમાજના પ્રહરી તરીકે દરેક સેન્ટરના પ્રમુખની ફરજ છે કે તેઓ આ પ્રોજેક્ટમાં તન-મન-સમયથી કાર્ય કરે. મને ખાતરી છે કે આવો અંક બહાર પડ્યા પછી તેની યથાર્થતા સાબિત થતા દરેક વર્ષે બે વાર અંક પ્રકાશિત કરવાનાં સૂચનો આવશે.

છેલ્લા થોડા સમયમાં જેજેસી પરિવારમાં ઘણા સ્વજનો-કાર્યકર્તાઓની ચિરવિદાય થઈ છે. જન્મ-મરણની ઘટના ગમે તેટલી સનાતન હોય છતાં મરણ થાય ત્યારે આપણી આસપાસ થોડી ક્ષણો માટે એક સન્નાટો વ્યાપી જતો હોય છે. હમણાં જ થોડા દિવસો પહેલાં જેના અણુએ અણુ જૈન જાગૃતિમય હતા તેવા આપણા અગ્રગણ્ય સેન્ટર જેજેસી-પિંક પંતનગરના સર્વેસર્વા એવા શ્રી સુરેશભાઈ એચ. શેઠનું નિધન થયું. સખેદ આપણે આપણા સ્વજન ગુમાવ્યાની નોંધ લઈએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે તેમના આત્માને પ્રભુ ચિરશાંતિ અર્પે.

ફરી વાર ઉલ્લેખ કરું છું કે છેલ્લા નવ મહિનાથી આપણું મુખપત્ર 'જાગૃતિ સંદેશ' આપણા વિશાળ પરિવારની ઝીણીઝીણી માહિતી લાવી, અનેક વિષયના ક્રાંતિકારી વિચારોને આવરી લઈ 'સબરસ' પીરસી રહ્યું છે. આ તંત્રી/સંપાદક શ્રી રમેશ સંઘવી અને તેમના સહકાર્યકરોના સખત પરિશ્રમનું ફળ છે, પણ મારા તેમ જ રમેશભાઈના એવા પ્રબળ ભાવ ખરા કે 'જાગૃતિ સંદેશ' (Self sufficient) સ્વનિર્ભર બને. જૈન જાગૃતિ સેન્ટરના દરેક પદાધિકારીઓ તથા અન્ય ઘણા માનનીય સભ્યો સમાજમાં તેમ જ બિઝનેસ સર્કલમાં ખૂબ જ માનભર્યું સ્થાન ભોગવે છે અને વગ ધરાવે છે. તેઓ કૃતનિશ્ચયી બને તો ચોક્કસપણે 'જાગૃતિ સંદેશ' માટે મબલખ જાહેરખબર લાવી શકે છે. તો બીજા છેડે બિઝનેસ પ્રોડક્ટનો મેસેજ સમાજના માતબર કન્ઝ્યુમર સુધી પહોંચે છે. જૈન જાગૃતિ સેન્ટરના ૬૨૦૦૦ સભ્યો અને અન્ય મળીને ૧૨૫૦૦૦ થી ૧૫૦૦૦૦ જેવો બહોળો વાચકવર્ગ 'જાગૃતિ સંદેશ' ધરાવે છે. ફક્ત સંપર્કની જરૂર છે.

તો મિત્રો આપને વિનંતી કરવાની ન હોય. સમજદારને ઈશારો કાફી છે.

અંતમાં લેડીઝ વિંગ મહેસાણાએ ઉત્તર ગુજરાત તેમ જ લેડીઝ વિંગ મિટનું આયોજન કરી રંગ રાખ્યો. તેનો અહેવાલ અન્યત્ર છપાયેલો છે. કાશ્મીરાબહેન હરડે તથા નીલાબહેન શાહ અને તેમની સંપૂર્ણ ટીમને ખૂબખૂબ ધન્યવાદ.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડી ઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકેજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘૂંટણનો દુ:ખાવો • માઈગ્રેન • ડિપ્રેસન અન્ય રોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈ પણ જાતની દવા આપ્યા વગર તેમ જ **આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈ પણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની ઓલ્ટરનેટિવ થેરાપીનો ઉપયોગ કરી • મેરિડિયન મસાજ થેરાપી • એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઇન્સ્ટ્રુમેન્ટ બધી મેરિડિયનોલૉજી પર આધારિત તેમ જ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત**

આપના ઘરે આવીને સચોટ ઈલાજ કરવામાં આવશે

**રાજેન્દ્ર શામજી શાહ** (સિનિયર થેરાપિસ્ટ)

લાઈફ મેમ્બર • જૈન ડૉક્ટર્સ ફેડરેશન, મુંબઈ

• ઈંડિયન ફોરમ ફોર ઓલ્ટરનેટિવ મેડિસિન અને હોલિસ્ટિક હેલ્થ સાયન્સીસ, મુંબઈ

*One should not forget that all therapies in the universe have Limitations.*

**RAAJENDRA SHAMJI SHAH (Sr. Therapist)**

B.Sc., N.S., D.M.M., D.P.T., D.M.T., C.C.M.

R. No. 18, Bhoj Mahal, 1st Floor, Tejookaya Park, 545 Dr. B. Ambedkar Road, Matunga (East), Mumbai - 400 019. • **Mob.: 9820002953 Tel.: (R) 24121234**

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

- **અમૃતનગર :**
  - ૧૦-૦૯-૦૯ પ્રહસન: 'જય હો જમનાદાસ' ★
  - ૨૩-૦૯-૦૯ મૂવી : 'દિલ બોલે હડિપ્પા' ✉
- **બીચ સાઈડ :**
  - ૧૫-૦૯-૦૯ ઑરકેસ્ટ્રા: 'ગુજરાતી ગીતોની રસલહાણ' ★
  - ૧૮-૦૯-૦૯ રાસગરબા: 'રાસગરબાની રમઝટ' ✉
- **બોરીવલી :**
  - ૧૭-૦૯-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ★
- **ભાંડુપ-વિક્રોલી :**
  - ૧૧-૦૯-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
- **ચેમ્બુર :**
  - ૧૪-૦૯-૦૯ નાટક: 'મુક્તિધામ' ✉
- **દહિસર :**
  - ૦૪-૦૯-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
- **દાદર :**
  - ૧૪-૦૯-૦૯ પ્રહસન: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉
- **ડાઉન ટાઉન :**
  - ૧૩-૦૯-૦૯ અંતાક્ષરી: 'નીતા ગાલા દ્વારા અંતાક્ષરી હરીફાઈ' ★
- **ગોલ્ડન ગારોડિયા :**
  - ૦૬-૦૯-૦૯ ઑરકેસ્ટ્રા: 'આવાજ એક અંદાજ અનેક મહંમદ રફી થીમ' ✉
  - ૧૫-૦૯-૦૯ ડાયરો: 'કીર્તિદાન ગઢવીનો ડાયરો' ✉
  - ૩૦-૦૯-૦૯ પ્રહસન: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉
- **જેમ્ જગડુશા :**
  - ૦૨-૦૯-૦૯ ઑરકેસ્ટ્રા: 'કપૂર સે કપૂર તક' ✉
  - ૦૪-૦૯-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
- **જૂનાગઢ :**
  - ૦૬-૦૯-૦૯ પિકનિક: 'ગેટ-ટુ-ગેધર' ★
- **જુહુ :**
  - ૦૯-૦૯-૦૯ ગીત-સંગીત: 'તેરે સૂર ઔર મેરે ગીત' – પદ્મજા જોગલેકર ▲
  - ૧૦-૦૯-૦૯ મૂવી : 'કમીને' ✉
  - ૧૩-૦૯-૦૯ સંગીત-નાટક: 'જોડે રહેજો રાજ' ✉
  - ૧૫-૦૯-૦૯ મૂવી : 'દિલ બોલે હડિપ્પા' ✉
  - ૨૧-૦૯-૦૯ મૂવી : 'વૉન્ટેડ' ✉
- **જુહુ બીચ :**
  - ૧૪-૦૯-૦૯ ઑરકેસ્ટ્રા: 'ગુજરાતી ગીતોની રસલહાણ' ★
  - ૧૮-૦૯-૦૯ રાસગરબા: 'રાસગરબાની રમઝટ' ✉
- **લે. વિં. સેન્ટ્રલ મુંબઈ :**
  - ૧૦-૦૯-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
- **મલાડ :**
  - ૦૭-૦૯-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ★
  - ૩૦-૦૯-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ✉
- **મુલુંડ :**
  - ૦૮-૦૯-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
  - ૧૬-૦૯-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ✉
  - ૨૮-૦૯-૦૯ સ્નેહમિલન: 'દશેરા નિમિત્તે કાર્યક્રમ' ▲
- **મુંબઈ :**
  - ૦૫-૦૯-૦૯ Talk Show: 'Mission Success – ભુપેશ દવેની રજૂઆત ✉
  - ૧૯-૦૯-૦૯ મૂવી : 'વૉન્ટેડ' ✉
- **નવી મુંબઈ :**
  - ૧૭-૦૯-૦૯ બાળ ઑરકેસ્ટ્રા: 'Talent Beyond Belief by Wonder Kids' ✉
  - ૨૦-૦૯-૦૯ મૂવી : 'દિલ બોલે હડિપ્પા' ✉
- **નોર્થ ઈસ્ટ :**
  - ૧૨-૦૯-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
- **રાજાવાડી :**
  - ૦૧-૦૯-૦૯ પ્રહસન: 'જય હો જમનાદાસ' ★
  - ૧૫-૦૯-૦૯ ડાયરો: 'કીર્તિદાન ગઢવીનો ડાયરો' ✉

- **સયાજી નગરી-વડોદરા :**

૦૬-૦૯-૦૯ હસાયરો:

'શાહબુદ્દીન રાઠોડનો હાસ્ય દરબાર' ✉

૧૨-૦૯-૦૯ હરીફાઈ: 'ફેન્સી ડ્રેસ હરીફાઈ' ★

- **સુરેન્દ્રનગર :**

૦૬-૦૯-૦૯ આરાધના: 'ભક્તિસંધ્યા તથા

તપસ્વીઓનું બહુમાન' ✉

૧૮-૦૯-૦૯ પ્રહસન: 'બાપુના રાજમાં લીલા લહેર' ✉

- **શિવાજી પાર્ક :**

૧૦-૦૯-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ✉

૦૦-૦૯-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ★

- **સાયન-માટુંગા :**

૨૮-૦૮-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉

૨૦-૦૯-૦૯ પ્રહસન:

'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉

- **તારદેવ :**

૦૫-૦૯-૦૯ પ્રહસન: 'કોના બાપની દિવાળી' ✉

૨૦-૦૯-૦૯ : 'આઈસક્રીમ મેલા' ★

૨૧-૦૯-૦૯ મૂવી: 'દિલ બોલે હડિપ્પા' ✉

૨૮-૦૯-૦૯ ગેટ-ટુ-ગેધર: 'દશેરા ઉજવણી' ▲

- **વિલે પાર્લે :**

૧૦-૦૯-૦૯ પ્રહસન: 'બાપુના રાજમાં લીલા લહેર' ✉

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# આગામી પ્રવાસ-પિકનિક

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | તારીખ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ ચેમ્બુર | બૅંગકૉક, પટાયા | તા. ૨૦-૧૦-૦૯ થી સાત દિવસ તથા<br>તા. ૦૮-૧૧-૦૯ થી છ દિવસ | રૂા. ૨૯,૫૦૦/- P.H.<br>રૂા. ૨૭,૫૦૦/- P.H. |
| ★ ડાઉન ટાઉન | સિંગાપોર, મલયેશિયા<br>બૅંગકૉક, પટાયા | તા. ૨૦-૧૦-૦૯ થી ૧૨ દિવસ | રૂા. ૬૫,૦૦૦/- P.H. |
| ★ કોલકાતા | શત્રુંજય તથા શંખેશ્વર (ધર્મયાત્રા) | તા. ૨૨-૦૧-૧૦ થી ૩૦-૦૧-૧૦ સુધી | રૂા. ૩,૦૦૦/- P.H. |
| ★ મુંબઈ | મોરેશિયસ | ૦૬-૦૧-૧૦ થી ૧૩-૦૧-૧૦ સુધી | રૂા. ૫૫,૦૦૦/- P.H. |
| ★ કલાનગરી | મોન્સૂન કેરાલા | તા. ૨૧-૧૦-૦૯ થી ૨૯-૧૦-૦૯ સુધી | રૂા. ૧૮,૫૦૦/- P.H. |
| ★ રાજાવાડી | શ્રી નાગેશ્વર તીર્થયાત્રા (ધર્મયાત્રા) | તા. ૨૪-૦૧-૧૦ થી ૨૭-૦૧-૧૦ સુધી | રૂા. ૮૦૦/- P.H. |
| ★ નોર્થ ઈસ્ટ | શ્રી કોલ્હાપુર કુંભોજગીરી | તા. ૦૫-૦૨-૧૦ થી ૦૮-૦૨-૧૦ સુધી | રૂા. ૭૦૦/- P.H. |

# યોજાયેલ પ્રવાસ-પિકનિક

| | | |
|---|---|---|
| ★ મુંબઈ | Water Kingdom<br>(એકદિવસીય) પિકનિક | તા. ૧૩-૦૯-૦૯ રવિવાર |
| ★ તારદેવ | લવાસા-પુના પ્રવાસ<br>પન્હાલા-કોલ્હાપુર પ્રવાસ | તા. ૦૧-૦૯-૦૯ થી ૦૨-૦૯-૦૯ સુધી<br>તા. ૨૪-૦૯-૦૯ થી ૨૮-૦૯-૦૯ સુધી |

## આહ્‌વાન

જે.જે.સી.ના સમાજલક્ષી પ્રોજેક્ટમાં 'યુવામેળો' આગવું સ્થાન ધરાવે છે. સમાજોપયોગી આ યુવામેળામાં પણ વર્ષો પહેલાં જે.જે.સી.-કાંદિવલી-બોરીવલી યોજિત વિકલાંગોનો યુવામેળો તથા જે.જે.સી.-વરલી-તારદેવ આયોજિત ડાયવોર્સીનો પરિચય મેળો વિશિષ્ટ હતા. આજના યુવાનોમાં સહિષ્ણુતા અને સમજદારીના અભાવે છૂટાછેડાનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. શોધવા જઈએ તો કોઈનોય વાંક દેખાય નહીં. ઘણાં બધાં દંપતી સંજોગોના શિકાર બની નિર્દોષ છૂટાછેડા સુધી પહોંચી જાય છે. આવા યુવાવર્ગની જિંદગી ટલ્લે ચડી જાય છે. સમાજના પ્રહરી તરીકે ફરજના એક ભાગરૂપે આવાં નિર્દોષ યુવક-યુવતીઓને તેમની જિંદગી ફરી વાર પાટે ચડાવવા એક વધારે પ્રયાસ કરવા પ્રેરવા માટે થોડા સમય પહેલાં જે.જે.સી.-તારદેવ (ત્યારનું જે.જે.સી.-વરલી-તારદેવ) દ્વારા ઉપરાઉપરી બે ડાયવોર્સી પરિચય મેળાનું આયોજન થયેલ. સંકોચને કારણે ઘણાં યુવક-યુવતી આગળ આવેલાં નહીં, પણ શરૂઆતના પ્રમાણમાં તેને જબ્બર સફળતા મળી કહેવાય. એમ તો યુવામેળામાં પણ શરૂઆતમાં ભાગ લેવા મા-બાપ અને યુવાનો સંકોચાતાં જ હતાં ને! હવે હોશભેર ભાગ લે છે. જે.જે.સી. પરિવારના સભ્યો દ્વારા આવો પરિચય મેળો હવે ક્યારે થશે તેવી પૃછા થઈ રહી છે.

જે.જે.સી.-તારદેવના પ્રમુખ શ્રી રસિકભાઈ કોઠારી તથા તેમની ઉત્સાહી કાર્યક્ષમ કમિટીને પૂછીએ છીએ કે કેમ આવા પ્રોજેક્ટ બાબત તમારા સમાચાર નથી? તમારા પ્રયત્નોની સમાજને જરૂર છે. સમાજને કોરી ખાતાં આવાં દર્દોની દવા માટે સમાજ જે.જે.સી. તરફ જુએ છે. જે.જે.સી. હંમેશાં પ્રગતિશીલ રહ્યું છે. તો લગે રહો જે.જે.સી.-તારદેવ! મંડી પડો રસિકભાઈ!! આ પણ એક પુણ્યકાર્ય જ છે.

– તંત્રી

**જે.જે.સી.-તારદેવ, કાંદિવલી અને બોરીવલી જરૂરથી વાંચે**

## પ્રમુખ-સેક્રેટરી તથા કારોબારી કમિટી જોગ

કોઈ પણ સંસ્થા તેમના ઉદ્દેશોને નજરમાં રાખી પ્રતિકાત્મક લોગો (LOGO) બનાવે છે. સંસ્થા માટે આ લોગો બહુ જ અગત્યનો હોય છે. તેનું જતન થવું જરૂરી છે. સંસ્થાના દરેક સભ્યો માટે 'લોગો' પ્રેરણારૂપ હોય છે, ઓળખ હોય છે. 'લોગો' સંસ્થાના બેનર પર તથા લેટર પર દર્શાવવામાં આવે છે. આ 'લોગો' સંસ્થાને ગૌરવ બક્ષે છે. તેની ડિઝાઈનમાં કે રંગ સંકેતમાં કોઈ જ ફેરફાર કે ચેડાં થવાં ન જોઈએ તે સમજી શકાય તેવી બાબત છે.

આપણામાંથી કેટલાંક સેન્ટર વારંવારની સૂચના છતાં આ બાબત ઉપેક્ષા સેવે છે અને ખોટા લોગો પ્રદર્શિત કરે છે. જેમ રાષ્ટ્રધ્વજ સાથે કોઈ પણ પ્રકારની અવહેલના ગુનો બને છે તેમ લોગો સાથે અડપલાં કરવાં તે સંસ્થામાં માટે અવિવેક જ ગણાય. સેન્ટ્રલ બોર્ડ આવા કિસ્સા ધ્યાનમાં લાવી તે સેન્ટરોને મક્કમ સૂચન આપે છે કે જલદીમાં જલદી આ ભૂલ સુધારી નાખે.

લોગો જે.જે.સી.ની વેબસાઈટ પર દર્શાવેલો જ છે, ઉપરાંત 'જાગૃતિ સંદેશ'ના કવરપેજ ઉપર કાયમ માટે આવે જ છે. તે Down Load કરી શકાય. જે સેન્ટરના લોગો ખોટા છપાય છે તેઓનું ધ્યાન દોરીએ છીએ અને સૂચના આપવામાં આવે છે કે તાત્કાલિક ધોરણે આ Error સુધારી લઈ સેન્ટ્રલ બોર્ડને માહિતગાર કરે.

– આદેશ

## મેગા પ્રોજેક્ટ

**જે.જે.સી. - પાલિતાણા, ભાવનગર-મહુવા-તળાજા-ઊના-બોટાદ-ગઢડા-વીંછિયા-પાળિયાદ અને રાણપુરના સભ્યો આ સમાચાર ખાસ વાંચે** : તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૦૯ થી ૯ જાન્યુઆરી, ૨૦૧૦ દરમિયાન કસ્તુરધામ, તળેટી રોડ, પાલિતાણા ખાતે એક મહાકાય Rehabilationના પ્રોજેક્ટનું આયોજન આંતરરાષ્ટ્રીય જૈન સમાજ (અમેરિકા, આફ્રિકા, બ્રિટન, સિંગાપોર, બેલ્જિયમ તથા ભારત)ની ઘણી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ છે. તે અન્વયે સમગ્ર સમાજના ૨૫૦૦૦ જેટલા Physically Handicapped અને Hearing Impaired લોકોને વ્હીલચૅર તથા સાંભળવાના મશીન વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનની સફળતા માટે પાલિતાણાની આજુબાજુના વિસ્તારના સેવાભાવી સ્વયંસેવકો (ડૉક્ટર તથા સોશિયલ વર્કર)ની જરૂર છે. જૈન જાગૃતિ સેન્ટરના ઉપર દર્શાવેલ સેન્ટર્સ ઉપરાંત અન્ય સેન્ટરના સેવા-ઇચ્છુક સભ્યો આ નિઃસ્વાર્થ સેવા માટે પોતાના નામ સત્વરે સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં ફોન દ્વારા લખાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જૈન ફિલોસોફીને આધીન માનવતાલક્ષી આ કાર્યક્રમને જૈન સમાજના ચારેય ફિરકાના સાધુ-ભગવંતોના આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે.

# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ 6th Conference

અગાઉ આપને વિદિત કરવામાં આવેલ છે કે સેન્ટ્રલ બોર્ડ આયોજિત ૬ઠ્ઠી કૉન્ફરન્સ શુક્રવાર, તા. ૧૫-૧-૨૦૧૦ થી રવિવાર, તા. ૧૭-૧-૨૦૧૦ સુધી ૨૪ એકરમાં પથરાયેલ વિશાળ Treat Resort, Silvassa ખાતે નૈસર્ગિક, ઠંડા, ખુશનુમા વાતાવરણમાં કરવામાં આવ્યું છે. દરેક સેન્ટરના કમિટી સભ્યોને સૂચિત પરિપત્ર મોકલી આપવામાં આવ્યો છે. તે પ્રમાણે...

૧) આ Conferance Cum Workshopનું આયોજન છે જેમાં દરેક સેન્ટરના કારોબારી સભ્યો હાજરી આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

૨) જૈન જાગૃતિ સેન્ટર આજે વિશાળ જૈન સંસ્થા બની ચૂકી છે. તેના સભ્ય બનવા જબરદસ્ત ધસારો થાય છે. બંધારણ પ્રમાણે ચૂંટાયેલી કારોબારી કમિટી દરેક સેન્ટરનું સંચાલન કરે છે. દરેક સેન્ટરનો વહીવટ મહત્તમ કાર્યક્ષમતાથી, ક્ષતિરહિત પારદર્શકતાથી થાય તો જ આપણે આપણા નિર્વાચિત ગોલને સાધી શકીએ. તે માટે આપણા સેન્ટરના પદાધિકારીઓ તથા અન્ય કમિટી સભ્યો નિષ્ઠાથી, આત્મવિશ્વાસથી અને કાર્યપદ્ધતિ (System)થી સંચાલન કરે તે બહુ જ જરૂરી છે. તે માટે આ Conferanceમાં આપણે જે તે વિષયના Experts પાસેથી વિભિન્ન વિષયો વિશે જ્ઞાન અને માહિતી મેળવશું.

૩) આપણાં મંતવ્યો તથા તકલીફો અને સૂચનો જણાવીશું અને સેન્ટ્રલ બોર્ડ પાસેથી સલાહ-સૂચનો લઈશું. અરસ-પરસ સંવાદિતા બનાવીશું અને જે.જે.સી.ના ફલકને વધુ વિસ્તારવા વધુ ને વધુ પ્રયત્નો કરવા નિર્ણય લઈશું.

મર્યાદિત રૂમને હિસાબે વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૫૦૪ ડેલિગેટ્સ-કમિટી સભ્યોનો સમાવેશ કરવામાં આવશે. આ માટે રસ ધરાવતા કમિટી સભ્યોએ તેમનાં નામ તથા રજિસ્ટ્રેશન ફી મોકલી આપવા વિનંતી.

ટ્રીટ રિસોટમાં Check in શુક્રવાર, તા. ૧૫-૧-૨૦૧૦ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અને Check out રવિવાર, ૧૭-૧-૨૦૧૦ના રોજ બપોરે ૪.૦૦ કલાકે

મુંબઈથી આવતા ડેલિગેટ્સ પોતાની રીતે પહોંચશે અને બહારગામથી આવતા ડેલિગેટ્સ પોતાની રીતે અથવા વાપી રેલવેસ્ટેશને જે.જે.સી.-વાપીના સભ્યો તેમને આવકારી વ્યવસ્થા દ્વારા રિસોર્ટમાં પહોંચાડશે.

क्या करे! आके हम सिल्वासा?

खायेंगे-पीयेंगे-मिलेंगे, घुमेंगे, दोस्ती बढायेंगे, कुछ शीखेंगे और क्या!

ઠેકઠેકાણેથી આપણા મિત્રો આવ્યા હશે, મજા આવશે, આનંદ આવશે, કાંઈક નવું શીખવા પણ મળશે. તો જલદી કરશો. નામ નોંધાવી દ્યો. એ દિવસો દરમિયાન બીજા પ્રોગ્રામ Cancel..!

**સંજય બી. શાહ** — સેક્રેટરી જનરલ

**પ્રફુલ કામદાર-કિશોર શેઠ-કીર્તિ સખપરા** — સેક્રેટરીઝ

*(કાયમી સૂચના : દરેક સેન્ટરના પ્રમુખ-સેક્રેટરી તેમના સેન્ટરમાં થયેલાં માસખમણ અને સોળભથ્થુંની તપશ્ચર્યાની માહિતી તપસ્વીના ફોટા સાથે 'જાગૃતિ સંદેશ'ને પર્યુષણ પછી તરત જ મોકલાવી આપે તો તેની નોંધ છાપવામાં આવશે.)*

## તપસ્વીને અનુમોદના



જે.જે.સી.-લેડીઝ વિંગ-મહેસાણાનાં (ફાઉન્ડર સભ્ય) શ્રીમતી આશાબહેન મહેશકુમાર મહેતાએ ચાતુર્માસ પર્યુષણ પર્વ દરમિયાન મૌન સાથે ૫૧ ઉપવાસની દીર્ઘ તપસ્યા શાતાપૂર્વક પરિપૂર્ણ કરી જૈન ધર્મ તેમ જ મહેસાણા સેન્ટરનું ગૌરવ વધાર્યું છે.



જે.જે.સી.-મહેસાણાનાં સેક્રેટરી શ્રીમતી રીપલ હિમાંશુ શાહે ગત્ ચાતુર્માસ પર્યુષણ પર્વ દરમિયાન મહામૃત્યુંજય માસખમણ તપની તપશ્ચર્યા શાતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

જે.જે.સી. પરિવારના ૬૨૦૦૦ સભ્યો તથા સેન્ટ્રલ બોર્ડ બન્ને બહેનોની તપશ્ચર્યાને અનુમોદના બક્ષે છે.

## સગપણ માહિતી વિશેષાંક

**દરેક સેન્ટરના પ્રમુખ/સેક્રેટરી જોગ,**

અગાઉ જણાવી ચૂક્યા છીએ તે પ્રમાણે જાગૃતિ સંદેશનો ડિસેમ્બર-૨૦૦૯નો અંક સગપણ માહિતી વિશેષાંક તરીકે પ્રકાશિત થશે. આપણી સંસ્થા સમાજને સ્પર્શતી દરેક સમસ્યાનું Prescription લખી રહી છે. માનવસેવા, તબીબી રાહત, શિક્ષણ સહાય ઉપરાંત યુવામેળો, સમૂહલગ્ન, ઉચ્ચ શિક્ષણ લોન, મેડિકલ કૅમ્પ અને હવે સગપણ માહિતી વિશેષાંક!

આજે દુનિયા વધુ ને વધુ નાની બનતી જાય છે ત્યારે માનવી-માનવીના અંતરનું અંતર વધતું જાય છે. વિશાળ સમુદાયમાં માનવી એકલો પડી ગયો હોય તેવું લાગે છે. વેવિશાળ-લગ્નની સમસ્યા જ્યારે વિકરાળ બની ગઈ છે ત્યારે જે.જે.સી. તેના પરિવાર માટે કાયમ માટે કાંઈક રાહત થાય તેવું લઈ આવે છે. સભ્યો જ્યારે એકલતા-નિઃસહાયતા અનુભવે ત્યારે જે.જે.સી. તેની પડખે આવીને બેસી જાય છે. વેવિશાળઉત્સુક યુવક-યુવતીઓના બાયોડેટા લઈને આવતો આપણો વિશેષાંક ખૂબ જ રાહતરૂપ બનશે. 'જાગૃતિ સંદેશ'નો આ વિશેષાંક તેની ૧૮૦૦૦ પ્રત દ્વારા (જે એક રેકર્ડ રહેશે) આપણા સમાજના સમસ્યાથી પીડિત સભ્યોને વિશાળ પસંદગીની તક આપશે.

તમારે શું કરવાનું છે?

તમારા સેન્ટરના તથા આજુબાજુના જૈન સમાજના સભ્યોને આ માહિતી આપો કે સગપણ માહિતી અંગેનો દળદાર અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે તેમાં તમારાં સંતાનોનો બાયોડેટા મોકલાવો. તે માટે તમે તમારા સેન્ટરના પરિપત્રમાં તેનો ઉલ્લેખ કરો તથા માહિતી આપો. સ્થાનિક ન્યૂસપેપર ઉપરાંત અન્ય સંસ્થાઓના મુખપત્રમાં પ્રેસનોટ મોકલાવી ઘર-ઘર સુધી માહિતી પહોંચાડો. જૈન સમાજના ચારેય ફિરકાનાં લગ્નોત્સુક યુવક-યુવતીના બાયોડેટા છાપવા માટે ખૂબ જ કિફાયત દર રાખવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| Colour : | Full Page | : Rs. 5,000/- |
| | Half Page | : Rs. 2,500/- |
| Black & White : | Full Page | : Rs. 2,000/- |
| | Half Page | : Rs. 1,000/- |

વિશેષાંકમાં ધંધાકીય જાહેરાતના દર :

| | | |
|---|---|---|
| Colour : | Back Side Cover Page | : Rs. 18,000/- |
| | Inside Cover Page | : Rs. 13,500/- |
| | Full Page | : Rs. 9,000/- |
| | Half Page | : Rs. 4,500/- |
| Black & White : | Full Page | : Rs. 6,000/- |
| | Half Page | : Rs. 3,000/- |

''ચાલો, આપણે સમાજના પ્રહરી બનીએ.''

## Reminder

**સર્વે સેન્ટરના પ્રમુખ/સેક્રેટરી,**

અગાઉ જાહેર કર્યા પ્રમાણે દરેક સેન્ટરમાં નવી કારોબારીની રચનાની તૈયારી થઈ ગઈ હશે.

૧) ચૂંટણીની તારીખ કૅબિનેટ મિટિંગમાં નક્કી કરી, તેના ૧૫ દિવસ અગાઉ પરિપત્ર દ્વારા સેન્ટરના દરેક સભ્યોને જાણ કરી દેશો, જેમાં ચૂંટણીનું સમયપત્રક પણ નક્કી કરીને જણાવો.

૨) સેન્ટ્રલ બોર્ડને તમારા સેન્ટરના ચૂંટણીના વિગતવાર કાર્યક્રમની જાણ કરો.

૩) ચૂંટણી અધિકારી નિયમ પ્રમાણે તટસ્થતાથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરશે.

૪) આ દરમિયાન કૉ-ઑર્ડિનેટર સેન્ટ્રલ બોર્ડના સંપર્કમાં રહેશે.

૫) ચૂંટણી પરિપૂર્ણ થયે નવી કારોબારી સભ્યોનાં નામ, એડ્રેસ (રહેઠાણ તથા ધંધાના) તથા ટેલિફોન નં. (રહેઠાણ, ધંધા તથા મોબાઈલ)નું લિસ્ટ તુરત જ સેન્ટ્રલ બોર્ડમાં મોકલી આપવું જરૂરી છે.

આ સિવાય સેન્ટ્રલ બોર્ડની કાઉન્સિલમાં પ્રતિનિધિત્વ કરનાર સભ્યોનાં નામ, એડ્રેસ તથા ફોન નંબર અચૂક સેંટ્રલ બોર્ડમાં તા. ૧૫-૧૨-૨૦૦૯ પહેલાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરશો.

આ સર્વે વિગતોથી કૉ-ઑર્ડિનેટરને વિદિત કરશો.

સર્વે સેન્ટર્સના કારોબારી સભ્યોની ડિરેક્ટરી આ વખતે તા. ૧૦-૧-૨૦૧૦ના રોજ કૉન્ફરન્સમાં પ્રકાશિત કરવાની હોઈ જરૂરી સહકાર આપશો.

બધા જ કૉ-ઑર્ડિનેટર જોગ : ચૂંટણીની પ્રક્રિયા સમયસર તેમ જ નિયમ અને પરંપરા પ્રમાણે પરિપૂર્ણ થાય તથા કારોબારી સભ્યો તથા કાઉન્સિલ સભ્યોની નિમણૂક સમયપત્રક પ્રમાણે થઈ જાય તે માટે દરેક સેન્ટરના સંપર્કમાં રહેશો. જરૂરી Guideline માટે સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓના સંપર્કમાં રહેશો તેવી ખાસ સૂચના આપવામાં આવે છે.

– ચૅરમૅન

## અન્ય કાર્યક્રમો

■ **જે.જે.સી. - કલાનગરી વડોદરા:** તા. ૧૯-૯-૨૦૦૯ ને શનિવારે "Ladies Special" નામના Only for Ladiesના કાર્યક્રમમાં વાનગી (Self Made) તથા બેસ્ટ ડ્રેસિંગની હરીફાઈ યોજવામાં આવેલ. વિજેતા બહેનોને સુંદર ઇનામોથી નવાજવામાં આવેલ. સંચાલન શ્રીમતી મમતાબહેન, જ્યોત્સનાબહેન શાહ, વીણાબહેન શાહ તથા હીનાબહેન શાહે કરેલ. વિજેતા શ્રીમતી પારૂલ સરવૈયા, કોમલ પરીખ, શિલ્પા શાહ, સ્વીટી ઝવેરી, કિરણ શાહ અને જેના શાહ રહ્યાં.

■ **જે.જે.સી. - મલાડ:** ૨૭ સપ્ટેમ્બર, ૨૦૦૯ ને રવિવારે સેન્ટર દ્વારા ૧૦મા વર્લ્ડ ડાર્ટ-ડે નિમિત્તે હાર્ટ સંબંધી જનતામાં જાગૃતિ લાવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સવારે ૭.૦૦ કલાકે રૅલી તેમ જ ત્યાર બાદ હાર્ટ ચેકઅપ કૅમ્પ રાખવામાં આવેલ. ડૉ. કે. સી. મહેતાએ હાર્ટ કૅર વિશેની જાણકારી આપી.

■ **જે.જે.સી. - માધાપર:** સેન્ટર દ્વારા શુક્રવાર, તા. ૨૧-૮-૨૦૦૯ના રોજ પર્યુષણ પર્વ નિમિત્તે સુંદર સ્તવન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કુલ ૨૦ સ્પર્ધકોએ ઉલ્લાસભેર ભાગ લીધેલ હતો અને વિજેતાઓને ઇનામથી નવાજવામાં આવેલ. આ કાર્યક્રમ શ્રી અનુપમ કલા જૈન મંડળ સાથે સંયુક્તપણે યોજવામાં આવેલ.

■ **જે.જે.સી. - લેડીઝ વિંગ રાજકોટ:** સેંટરની ૧૬૫ બહેનોએ ખૂબ જ ઉત્સાહથી તા. ૧૫-૯-૨૦૦૯ ને મંગળવારના રોજ પટેલ સેવા સમાજ હૉલ ખાતે રાસગરબા હરીફાઈનું આયોજન કર્યું. 'વેલકમ નવરાત્રી' નામના આ કાર્યક્રમમાં



૧૧ બહેનો તથા બાળકોને વિજેતા તરીકે જાહેર કરી ઇનામો આપવામાં આવ્યાં. પ્રસંગને અનુરૂપ ભોજન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

■ **જે.જે.સી. - વિસનગર:** સેન્ટરના પારિવારિક સભ્યો માટે એક ગેટ-ટુ-ગેધરનો કાર્યક્રમ રવિવાર, તા. ૯-૮-૨૦૦૯ના રોજ રાખવામાં આવેલ. વિવિધ રમતો, હાઉઝી-ફની ગૅમ તથા ભોજન સાથેના આ કાર્યક્રમથી બધા સભ્યોને ખૂબ જ આનંદ આવ્યો.

શ્રાવણ સુદ-૫ના શુભ દિને વિસનગર ગૌરક્ષણ પાંજરાપોળમાં મૂગાં, અબોલ, નિર્દોષ પક્ષીઓને મિષ્ઠાન્નરૂપી આહારમાં ૬૦૦ કિલો સાગરદણા તથા ૧૩૦ કિલો ગોળ, કૂતરાઓને બુંદીના લાડવા, સસલાં માટે બિસ્કિટ તથા પક્ષીઓને જુવાર ખવડાવવામાં આવેલ.

શ્રાવણ સુદી ૭ના દિવસે જૈન સંઘની ભવ્ય શોભાયાત્રામાં સર્વે માટે લીંબુ સરબતની વ્યવસ્થા સેન્ટર તરફથી કરવામાં આવી. (નોંધ: ઘણા સમય બાદ 'જાગૃતિ સંદેશ'માં આવકાર!)

■ **જે.જે.સી. - વિલે પાર્લે:** 'મહિલા પ્રતિભા દર્શન'ના શીર્ષક હેઠળ સેન્ટરની મહિલા દ્વારા આયોજિત 'Health & Wealth' નામના આ કાર્યક્રમમાં ડૉ. જયેશ પટેલના પ્રવચનનો લાભ સેન્ટરની બહેનોએ તેમના મહેમાનો સાથે લીધો. જીવનની ફિલોસોફીને સરળ ભાષામાં સમજાવતા આ પ્રવચનથી દરેકને ખૂબ જ મજા આવી.

■ **જે.જે.સી. - લેડીઝ વિંગ-મહેસાણા:** તા. ૧૩-૬-૨૦૦૯ ને શનિવારે વી. કે. વાડી ખાતે ''આનંદ ઉત્સવ મેલા-૨૦૦૯''ના ભવ્ય આયોજનમાં સભ્ય બહેનો દ્વારા અવનવી વાનગીના ૨૦ સ્ટૉલ તથા ગૅમ્સ, એલોવેરા વગેરેના ૫ સ્ટૉલ રાખવામાં આવેલ. ૧૦ વર્ષથી નીચેનાં બાળકોએ ટેડીબેર, ભૂત, જોકર વગેરેની મજા માણી. શૈશવ યાદ કરાવી દેતા આ કાર્યક્રમે ૬૦૦ જેટલા મુલાકાતીઓની ખૂબ જ ચાહના મેળવી.

તા. ૧૩-૭-૨૦૦૯ના સેન્ટરના બર્થ-ડે નિમિત્તે વિવિધ કાર્યક્રમોની સીક્વન્સ કરી.

૧) સવારે ૧૦ કલાકે મનોરંજન, પાર્શ્વનાથ જિનાલયમાં સ્નાત્ર પૂજા.
૨) બપોરે ૩ કલાકે મૂકબધિર બાળકોની સ્કૂલમાં ૧૧૦ બાળકોને આઇસક્રીમથી મોઢું મીઠું કરાવ્યું.
3) તા. ૧૩-૭-૨૦૦૯ થી ૧૭-૯-૨૦૦૯ સુધી આયુર્વેદાર્ચા શ્રીમતી સોનલ ભાવસારના નેજા હેઠળ મેડિકલ ચેકઅપ કૅમ્પના આયોજન ઉપરાંત હિમાલય કું.ના સૌજન્યમાં ૧૦૦ જેટલી બહેનોનું Osteoparosis ચેકિંગ કરવામાં આવ્યું.

'જૈન જાગૃતિ સેન્ટર-લેડીઝ વિંગ મહેસાણા આપનું સ્વાગત કરે છે' તેવું હોર્ડિંગ અમદાવાદ-મહેસાણા હાઈવે




પર સેન્ટરના સૌજન્યથી મૂકવામાં આવ્યું (By Road આબુ કે પાલનપુર જાવ તો આ બોર્ડ જરૂરથી વાંચજો).

■ **જે.જે.સી. - અંકલેશ્વર:** ''બહેના તુમ સે કુછ કહેના હૈ'' નામની એક સંસ્કાર શિબિરનું આયોજન સેન્ટરની મહિલા વિંગ દ્વારા કરવામાં આવ્યું. જેનો લાભ શહેરની વિવિધ સ્કૂલોની ૫૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ લીધો. મુંબઈના સુપ્રસિદ્ધ કવિ તથા વિચારક શ્રી યુગરાજજી જૈન દ્વારા સંચાલિત આ શિબિરમાં દરેકે ખૂબ જ સારું માર્ગદર્શન મેળવ્યું. આ પ્રસંગે દરેક શાળાના આચાર્યનું બહુમાન પણ કર્યું. મહિલા વિંગનાં પ્રમુખ શ્રીમતી લતા શાહે સૌનું અભિવાદન કર્યું.

તે જ દિવસે સાંજના ૬ વાગ્યે બીજી શિબિરનું આયોજન શ્રી યુગરાજજી જૈનના સંચાલનમાં જે.જે.સી.-અંકલેશ્વર દ્વારા થયું. સેંટરના સર્વે સભ્યો તેમનાં વાણી-વિચારોથી પ્રભાવિત થઈ ગયા અને આવા પ્રેરક કાર્યક્રમો ફરી ફરી વાર રાખવાની ફરમાઈશ કરી.

તા. ૧૫ ઑગસ્ટના રોજ બાજુમાં આવેલ ઝઘડિયા તીર્થમાં ગુમાનદેવના પગપાળા દર્શને આવતા યાત્રાળુ સમુદાયના લાભાર્થે શ્રી અમરચંદજી પટવા તથા શ્રી અનોખીલાલ ધોકાના સૌજન્યથી ફ્રૂટ તથા શરબતના એક ફ્રી સ્ટૉલનું આયોજન કરી જનસેવાનું ઉદાહરણ જૈન જાગૃતિ સેન્ટરના બેનર હેઠળ પૂરું પાડ્યું.

તા. ૧૬-૮-૨૦૦૯ના રોજ ભરૂચ ખાતેના અનાથાશ્રમનાં લગભગ ૫૦૦-૬૦૦ બાળકોને એક ટંક ભોજનનો કાર્યક્રમ સેન્ટરના સભ્ય શ્રી દિલીપભાઈ પારેખ દ્વારા કરી બાળભોજનનો લાભ લીધો.

આ દરેક કાર્યક્રમમાં સેન્ટરના હોદ્દેદારો તથા સભ્યોએ હાજરી આપી ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું.

■ **જે.જે.સી. - કોઈમ્બતુર:** શ્રી શૈલેશ બાવીશીનો સંદેશો જણાવે છે કે પર્યુષણ પછી તુરંતના રવિવાર, તા. ૬-૯-૨૦૦૯ના રોજ સેન્ટરે જે.જે.સી. પારિવારિક સભ્યો માટે નજીકમાં આવેલ ગૌશાળા ખાતે એક ગેટ-ટુ-ગેધરનો કાર્યક્રમ ગોઠવ્યો. આ ગૌશાળામાં લગભગ ૮૫૦ જેટલાં ગાય તથા બળદ અને અન્ય મૂગાં જાનવરો છે. તેમને એક ટંક ભોજન અન્વયે ૩૬૦ કિલો જેટલા ઘઉં-જુવાર તથા જ્વરીનું મિક્ચર ખવડાવવામાં આવ્યું. ભોજન તથા હાઈ-ટી લઈ છૂટા પડ્યા.

દૂર દક્ષિણમાં જેજેસી પરિવારના પ્રહરી તેવા આ સેન્ટરે તેના સમાજલક્ષી, માનવતા તથા જીવદયાલક્ષી કાર્યક્રમો થકી નામના મેળવી છે. દર વર્ષે રાહત દરે લગભગ ૨૫ હજાર જેટલી નોટબુક્સનું વિતરણ કરે છે. ઠંડીની સિઝનમાં ફૂટપાથ



પર સૂતેલા ગરીબજનોને ધાબળા ઓઢાડે છે તો જનરલ હૉસ્પિટલમાં ગરીબ દર્દીઓની માવજતરૂપે તેમને જરૂરી એવી વસ્તુઓ પહોંચાડે છે. યોગાનુયોગ ડૉક્ટર્સના સૂચનથી આ વર્ષે લગભગ ૨૫,૦૦૦/-ની કિંમતનું જમ્બો સાઈઝ વૉટર પ્યોરીફાયર મશીન તથા હૉસ્પિટલના ૨૫ વૉર્ડમાં મોટી સાઈઝના જે.જે.સી.ના નામ તથા લોગોવાળા Wall Clockની ભેટ આપી. દાન આપનાર સેન્ટરનાં સભ્યો શ્રીમતી શાંતાબહેન એસ. શાહ, સ્વ. કાંતિલાલ શાહ (હ. શ્રી વિપુલભાઈ તથા શ્રી ચંદ્રેશભાઈ), શ્રી અશોક આર. શાહ, શ્રી શૈલેશ એમ. બાવીસી. સર્વેને ધન્યવાદ.

---

## અભિનંદન

**જે.જે.સી. - દાદર** : દાદર સેન્ટરના ઉપપ્રમુખ શ્રી જેઠાલાલ ધનજી નંદુની SEO તરીકે નિમણૂક થતા તેમને અભિનંદન.

## વાર્ષિક સામાન્ય સભા

**જે.જે.સી. - દાદર** : સોમવાર, તા. ૧૪-૯-૨૦૦૯ના કાર્યક્રમ પહેલાં યશવંતરાવ ઓડિટોરિયમ, માટુંગા ખાતે.

**જે.જે.સી. - મલાડ** : રવિવાર, તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ એસ.એન.ડી.ટી. મહિલા કૉલેજ ખાતે.

# જે.જે.સી.-લેડીઝ વિંગ મહેસાણા

## સ્નેહકુંજ-૨૦૦૯

તા. ૨૦-૯-૨૦૦૯ ને રવિવારે ઉત્તર ગુજરાતના મહેસાણા શહેરમાં દૂધસાગર ડેરીના વિશાળ ઑડિટોરિયમ અને સંકુલમાં એક સ્નેહકુંજનું નિર્માણ થયું અને ઊગી નીકળેલાં સ્નેહપુષ્પોનો પમરાટ પૂરા પંથકમાં ફેલાઈ ગયો. પ્રસંગ હતો જૈન જાગૃતિ સેન્ટરનાં ૧૩૨ સેન્ટરો પૈકીના ૬૭મા પુષ્પ જૈન જાગૃતિ સેન્ટર-લેડીઝ વિંગ મહેસાણા દ્વારા એક અનોખા ''ઉત્તર ગુજરાત મિટ''નો. મહિલાઓ દરેક ક્ષેત્રમાં પગપેસારો કરી પુરુષ સમોવડી બની ગઈ છે તેવું પ્રતિપાદિત કરતા આ મેગા કાર્યક્રમનું આયોજન સેન્ટરનાં પ્રમુખ શ્રીમતી કાશ્મીરા હરડે તથા એરિયા કૉ-ઑર્ડિનેટર શ્રીમતી નીલા શાહ દ્વારા સેન્ટરની દરેક કમિટી સભ્ય બહેનોના અમૂલ્ય સહકાર સાથે રંગેચંગે ભવ્યતાથી પાર પાડી હાજર રહેલા તમામ મહેમાનો અને સેન્ટ્રલ બોર્ડની તારીફ મેળવી લીધી. આ મિટમાં ઉત્તર ગુજરાતનાં તમામ સેન્ટરોએ ઊલટભેર સારી સંખ્યામાં હાજરી આપી. ઉપરાંત સમગ્ર જે.જે.સી. પરિવારનાં અન્ય લેડીઝ વિંગ સેન્ટરોએ પણ હાજર રહી અનેરો ઉત્સાહ દર્શાવ્યો.

છેલ્લા કેટલાય સમયથી થતી તૈયારીના પરિપાકરૂપે શ્રીમતી ઈલા કોઠારી તથા વંદના શાહ દ્વારા મહામંત્રથી શરૂ થયેલા સ્ટેજ કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો હસ્તક દીપ પ્રાગટ્ય, કાશ્મીરા હરડે દ્વારા આવકાર, કારોબારી સભ્યો દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત તથા સ્મૃતિચિહ્ન (Memento) અર્પણ, નાનાં ભૂલકાં તથા બાલિકાઓ દ્વારા ઉલ્લેખનીય સ્વાગત ગીત તથા નૃત્યની રજૂઆત, તપસ્વીનું બહુમાન તથા શ્રીમતી વંદનાબેન દ્વારા જરૂરતમંદને વ્હીલચૅરની અર્પણવિધિ, સ્નેહકુંજ-૨૦૦૯ના સોવેનિયરનું આવેલ મહાનુભાવો દ્વારા વિમોચન અને ત્યાર બાદ સેન્ટ્રલ બોર્ડના મહાનુભાવો દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન. શ્રી જિતુભાઈ કોઠારીએ તેમના પ્રવચનમાં લે. વિં. મહેસાણાના આ પ્રયાસને બિરદાવ્યો અને જેજેસી અને તેના વિવિધ પ્રોજેક્ટોને આવરી લઈ હાયર એજ્યુકેશન પર ભાર મૂક્યો જેના પ્રતિભાવમાં ત્યાં હાજર રહેલાં સર્વે સેન્ટરો તરફથી  યથાશક્તિ ફાળાના ચેક આવી ગયા. આવેલા અન્ય મહેમાનોએ પણ ચેક અર્પણ કરી Fund Raising માટે શ્રીમતી નીલા શાહના પ્રયત્નને સાર્થક કર્યો.

સેન્ટ્રલ બોર્ડે પણ બાળકોના કાર્યક્રમને પ્રોત્સાહનરૂપે રૂા. ૫,૦૦૦/- તથા લે. વિં. મહેસાણાના પ્રયાસની કદરરૂપે રૂા. ૨૫,૦૦૦/-નો ચેક સાદર કર્યો. સેન્ટરની ૧૨ વર્ષની સિદ્ધિઓને તાદશ કરતી Video Clips પરદા પર શ્રીમતી ઈલા કોઠારીએ રજૂ કરી. યજમાન સેન્ટરે દરેક હાજર મેમ્બર તથા સ્પાઉસને ગમતીલી ભેટ સાથેની કીટનું વિતરણ કર્યું. ભેટનું સૌજન્ય શ્રીમતી કામિનીબહેન દ્વારા પ્રાપ્ત થયું. આ ઉપરાંત રજિસ્ટ્રેશન કરાવનાર પ્રથમ પાંચ સેન્ટરોના પ્રમુખો તથા સૌથી વધુ સભ્યો આ મિટમાં લાવનાર જે.જે.સી.-થરાના પ્રમુખનું પણ મેમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું અને ૫૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરનાર શ્રીમતી આશાબહેન મહેતા તથા ૩૦ ઉપવાસની તપશ્ચર્યા કરનાર શ્રીમતી રીપલબહેન શાહનું પણ બહુમાન કરવામાં આવ્યું. મનગમતા ભોજન બાદ તુરત જ બધાં જ સેન્ટર્સના કમિટી સભ્યોની ચૅરમૅન તથા સેન્ટ્રલ બોર્ડના હોદ્દેદારો સાથે એક મિટિંગનું આયોજન કર્યું જેમાં અરસપરસ વિચારોની આપ-લે કરવામાં આવી તથા ચૅરમૅન તરફથી ઘણી બધી બાબતોની જાણકારી દેવામાં આવી. કાર્યક્રમના બીજા દોરમાં મનોરંજક ફિલ્મી તંબોલાનો કાર્યક્રમ હતો જેમાં સંખ્યાબંધ ઇનામો આપવામાં આવ્યાં અને છેલ્લે રસઝરતા ચૌવિહાર કરી સૌ મીઠી યાદ લઈને છૂટા પડ્યા.

પુરુષો સંચાલિત સેન્ટરો આવા 'મિટ'ના કાર્યક્રમો ખૂબ જ સફળતાથી કરે છે, જેવાં કે સુરેન્દ્રનગર, ભુજ, મોરબી, જામનગર વગેરે વગેરે, પણ મહિલા દ્વારા સંચાલિત સેન્ટર આવા કાર્યક્રમ સફળતાથી પાર પાડે જેથી સેન્ટ્રલ બોર્ડ ખુશ હુઆ. આ માટે સર્વે શ્રીમતી હેમા શાહ, નીલા શાહ, ભારતી શાહ, નિરૂપા શાહ, છાયા શાહ, અલ્પા શાહ, માલા મણિયાર, સોનાલી શાહ, કલ્પના શાહ, બિન્દુ પટવા, સોનાલી હરડે, આશા શાહ અને ભાવના હરડે તથા પ્રીતિ શાહને ધન્યવાદ.

## મુસ્કુરાહટ

એક દિવસ નાનકડો દીપ દોડતોદોડતો આવ્યો અને તેની મમ્મી દીપાને કહ્યુંઃ મમ્મી, હું સીડી સાથે અથડાયો અને સીડી પડી ગઈ.

મમ્મીએ કહ્યુંઃ ચાલ, છાનોમાનો બેસી જા. તારા પપ્પાને ખબર નહીં પડવા દેતો.

આ સાંભળીને દીપે કહ્યુંઃ પરંતુ એ કેવી રીતે બને ? પપ્પા તો તે સીડી ઉપર જ ઊભા હતા! C

એક દિવસ મંગુ નામનો માણસ દારૂ પીને બસમાં ચડી ગયો અને અંદર તોફાન કરવા લાગ્યો અને કહેવા લાગ્યોઃ 'હું રાણા પ્રતાપ છું, હું રાણા પ્રતાપ છું.'

તેનો કદાવર દેહ જોઈ કોઈ તેનો સામનો કરવાની હિંમત નહોતું કરી શકતું, પરંતુ કંડક્ટર બુદ્ધિશાળી હતો, તેણે આઈડિયા કરીને ઘંટડી મારતા મોટેથી કહ્યુંઃ 'ચિત્તોડગઢ'.

આ સાંભળીને મંગુ તરત જ નીચે ઊતરી ગયો.

## પ્રેસનોટ

**જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૬**

ઉવસ્સગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ ઍન્ડ લીટરરી રિસર્ચ સેંટર-મુંબઈ દ્વારા ગુણવંત બરવાળિયા સંયોજિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૬ તા. ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૦૯, રવિવાર-સોમવારના રોજ પ.પૂ. જયંતમુનિજી મ.સા., પ.પૂ. નમ્રમુનિજી મ.સા. તથા પ.પૂ. વીરમતીબાઈ મ.સ.જી આદિ સંત-સતીજીઓની પાવન નિશ્રામાં, ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને પેટરબાર-ચાસ બોકારો (ઝારખંડ) મુકામે યોજાશે. આ સત્રમાં અહિંસા, શાકાહાર, જિનાગામના વિષયો પર ભારતભરનાં વિવિધ ક્ષેત્રોના વિદ્વાનો શોધપત્રો-અભ્યાસ લેખો રજૂ કરશે.

સંપર્ક સૂત્ર : ગુણવંત બરવાળિયા, મો.: ૯૮૨૦૨ ૧૫૫૪૨.
Mail : gunvant.barvalia@gmail.com

## બાપુની સાચવણી

ગાંધીજીના ઓરડામાં હિન્દુસ્તાનનો નકશો ચીતરેલા એક પૂંઠા પર તારીખિયું લગાડેલું. સવારે ક્યારેક મનુબહેન તારીખનું પત્તું ફાડે તો ક્યારે કસ્તુરબા ફાડે. પત્તું ફાડ્યા પછી ફેંકી દેવાનું નહીં. ગાંધીજીના મેજ પર રાખેલા નાના ચોરસ પથરા નીચે એને દાબીને મૂકવાનું. પથરા પાસે એક પેન્સિલ પણ પડી રહે. ગાંધીજી પેલા તારીખના પાના પર કેટલાંક કામોની યાદી લખે.

એક વખત ગાંધીજી મેજ સામે બેઠા, પણ પેલા પથ્થર નીચે તારીખનું પાનું ન મળે. ગાંધીજીએ મનુબહેનને પૂછ્યું, 'પત્તું ક્યાં ?'

મનુબહેન કહે, 'મેં ફાડ્યું નથી.'

કસ્તુરબાએ પણ એવો જ જવાબ આપ્યો. હકીકતમાં એવું બન્યું હતું કે મનુબહેને એ દિવસે ઓરડાની સફાઈ તેમને મળવા આવેલી બહેનપણીને સોંપી હતી. તેણે પેલું તારીખિયાનું પાનું ફાડીને ફેંકી દીધું હતું.

ગાંધીજીએ કહ્યું, 'મારે તમને સૌને એક પત્તાની કિંમત કઈ રીતે સમજાવવી? જ્યાં સુધી એ પત્તું નહીં મળે ત્યાં સુધી હું જમીશ નહીં.'

થોડી વાર પછી કસ્તુરબા એ પત્તાને કચરામાંથી શોધી લાવ્યાં. એ વખતે ગાંધીજીએ પ્રસન્નતાથી કહ્યું, 'તમે એક આનાને સાચવશો તો રૂપિયો તમને સાચવશે.'

**સૌજન્ય: જે.જે.સી.-જુહુ બીચ (૨૫)**

## જે.જે.સીનું દક્ષિણાયન

... અને હવે જે.જે.સી. દક્ષિણ ગોળાર્ધમાં ઑસ્ટ્રેલિયાના દરવાજા ખખડાવી રહ્યું છે. બધી જ પૂર્વતૈયારી થઈ ચૂકી છે. થોડા જ સમયમાં શુભ યોગમાં સિડની અને મેલબોર્ન ખાતે જે.જે.સી. ધ્વજ લહેરાશે. આજે ઑસ્ટ્રેલિયામાં ઘણા જ જૈનો સ્થાયી થયા છે અથવા તો ઉચ્ચ કેળવણી લઈ રહ્યા છે. જે.જે.સી.ના સર્વે સભ્યોને જણાવવાનું કે તમારાં કોઈ સગાં-સંબંધી-મિત્રો સિડની અથવા મેલબોર્નમાં હોય તો તેમના એડ્રેસ, ફોન-મોબાઈલ નંબર, E-mail I. D. સેન્ટ્રલ બોર્ડની ઑફિસે તુરત જ મોકલો અથવા નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક કરો.

સિડની-મેલબોર્ન : ભાવિન શાહ : ૦૦૬૧૨-૯૬૪૬૫૫૯૨

સુદાનના સમાચાર તો વાંચ્યા. બસ હવે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. થોડા જ સમયમાં સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ ચાર્ટર લઈને જશે. સમાચારની રાહ જુઓ.

## ''જૈન ફિલોસોફી'' વર્કશોપ તથા વૅકેશન બેચ

ડિપાર્ટમેન્ટ ઑફ ફિલોસોફી, મુંબઈ યુનિવર્સિટી "Jain Religion-Philosophy" વિષય પર અનેક સ્થળે એક દિવસની Workshop તથા વૅકેશન દરમિયાન "Short Course in Jainology" કરવા ઇચ્છે છે. ઉપરોક્ત ડિપાર્ટમેન્ટ છેલ્લાં ૧૩ વર્ષથી જૈનોલૉજી પર અનેક કોર્સ ચલાવે છે જેમાં અત્યાર સુધી ૧૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે. ઉપરોક્ત Workshop તથા Short Courseના આયોજન માટે સમગ્ર જૈન સમાજની વિવિધ સંસ્થાઓને સહભાગી થવા આમંત્રણ છે. કોર્સનું સ્થળ, સમય તથા કઈ ભાષામાં કરાવવો તેનો નિર્ણય આયોજક સંસ્થા તથા યુનિવર્સિટી સાથે મળીને કરશે. ઉપરાંત આ કોર્સ દરેક માટે ખુલ્લો રહેશે. વય કે લઘુતમ જરૂરી અભ્યાસની કોઈ મર્યાદા નહીં.

આ કોર્સમાં જૈન ફિલોસોફીને લગતા સામાન્ય વિષયો આવરી લેવામાં આવશે અને ''વર્તમાન સમયના સંદર્ભમાં જૈન ફિલોસોફી'' પર મહત્ત્વ આપવામાં આવશે.

કોર્સ આ વિષયના વિદ્વાનો દ્વારા ખૂબ જ સરળ ભાષામાં તથા Audio Visual Aids દ્વારા કરાવવામાં આવશે. દરેક ભાગ લેનારને કોર્સ મટિરિયલ તથા 'સર્ટિફિકેટ ઑફ પાર્ટિશિપેશન' આપવામાં આવશે.

ઉપરોક્ત ''વર્કશૉપ'' તથા ''શૉર્ટ કોર્સ'' ગોઠવવા ઇચ્છતા સંસ્થાના કાર્યકર્તાઓએ વધારે વિગત માટે ડૉ. બિપિન દોશીનો મો.નં. ૯૮૨૧૦૫૨૪૧૩ પર સંપર્ક કરવો.



# નવરાત્રી

## (પૂજા-આરતી-રાસ-ગરબા)



કોઈ પણ જૈન એવો નહીં હોય કે જે અંબે માની શક્તિમાં આસ્થા ધરાવતો ન હોય, માની આરાધના કરતો ન હોય. યુગ પલટાય છે, સમય બદલાય છે, પરંતુ જગજનની ‘મા’ના નોરતા પરમ શ્રદ્ધાથી ઊજવાય છે. સહસ્ત્રદલ પદ્મસ્થ, સર્વાયુધધરા, સર્વતોમુખી, જગદંબાની સ્તુતિ-ભક્તિ કરતા આ શક્તિ પર્વ મનાવાય છે. જૈન જાગૃતિ સેન્ટર પણ વિવિધ રીતે તેના સભ્યો માટે નવરાત્રીની ઉજવણીનું આયોજન કરતું હોય છે. આવો, આપણે લટાર મારીએ વિવિધ સેન્ટરોના નવરાત્રોત્સવની ઉજવણીમાં. ક્યાંક અંબે માના ગરબા લેવાતા હોય તો ક્યાંક રાધા-કૃષ્ણના રાસ રમાતા હોય. યુવાવર્ગ સંગીતના તાલે નાચતો હોય.

## ગરબો

મા પાવા તે ગઢથી ઊતર્યાં મા કાળી રે... ૨
માએ વસાવ્યું ચાંપાનેર પાવાગઢવાળી રે... ૨
મા પાવા તે ગઢથી...

મા ચાંપા તે, નેર ના, ચાર ચાંટા, મા કાળી રે... ૨
સોનીએ માંડ્યા હાટ, પાવાગઢવાળી રે... ૨
મા પાવા તે ગઢથી...

મા સોનીડો લાવે રુડા ઝૂલણાં, મા કાળી રે... ૨
મારી અંબા માને કાજ, પાવાગઢવાળી રે... ૨
મા પાવા તે ગઢથી...

મા કુંભારી આવે મલપાતો, મા કાળી રે... ૨
એ તો લાવે છે ગરબાની જોડ, પાવાગઢવાળી રે... ૨
મા પાવા તે ગઢથી...

મા સુથારી આવે મલપાતો, મા કાળી રે... ૨
એ તો લાવે છે બાજોટની જોડ, પાવાગઢવાળી રે... ૨
મા પાવા તે ગઢથી...

તા. ૧૯-૯-૨૦૦૯ થી ૨૭-૯-૨૦૦૯

૧) જે.જે.સી.-જુહુ બીચ, બીચ સાઈડ તથા સી સાઈડનો સંયુક્ત કાર્યક્રમ જશોદા રંગ મંદિરના પ્રાંગણમાં.

તા. ૧૯-૯-૨૦૦૯ થી ૨૭-૯-૨૦૦૯

૨) જે.જે.સી.-નવી મુંબઈનો કાર્યક્રમ તિલક કૉલેજ ગ્રાઉન્ડ, વાશીમાં.

તા. ૨૬-૯-૨૦૦૯ અને ૨૭-૯-૨૦૦૯

૩) જે.જે.સી.-નોર્થ ઈસ્ટ, રાજાવાડી, જેમ્ જગડુશા, પિંક પંતનગર, ગોલ્ડન ગારોડિયા, મુલુંડ, ચેમ્બુર, નવી મુંબઈ, વાશી, ચુનાભટ્ટી, ભાંડુપ, વિક્રોલી, બૉમ્બે ડાઉન ટાઉન, લેડિઝ વિંગ, મુંબઈ (ઈસ્ટ)નો સંયુક્ત કાર્યક્રમ, હોકી ગ્રાઉન્ડ, ઘાટકોપરમાં.

તા. ૨૬-૯-૨૦૦૯, ૨૭-૦૯-૨૦૦૯ તથા ૨૮-૯-૨૦૦૯

૪) જે.જે.સી.-અમૃતનગર તથા જે.જે.સી.-ઘાટકોપરનો સંયુક્ત કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ઘાટકોપરમાં.

શરદપૂનમની રઢિયાળી રાત, ગાઈએ-ઝૂમીએ સહુ સાથ
કહો પૂનમના ચાંદને, આજ ઊગે આથમણી કોર
મારા મનડાના મીત, મારા જીવન સંગીત
લઈને આવ્યા છે મારી પ્રિત, કહો પૂનમના.... ૧

આજે અમારા જીવનનો આ, કેટલો સુંદર દિવસ છે
આજે અમે રમશું પ્રિતમની સાથે... ૨
હાથોમાં હાથ રાખીને, કહો પૂનમના....

પૂનમની રાત થમી જાશે તો ઝૂલશું, ફૂલડાની સેજ ધરીને
નદિયોંના નીરમાં નાવલડી તારશું... ૨
ગીતોના ગુંજન કરીને, કહો પૂનમના....

ક્યારે ફરી આવશે અવસર અનેરો, પ્રિતમની સંગ રહેવાનો
ક્યારે ફરી મળશું રઢિયાળી રાતમાં... ૨
મનડામાં પ્રિત ભરીને, કહો પૂનમના....

## રાસ

ખમ્મા મારા નન્દજીના લાલ, મોરલી ક્યાં રે વગાડી
ગોપીઓ દોડી દોડી જાય, મોરલી ક્યાં રે વગાડી
ખમ્મા મારા....

આંધણ મૂક્યા છે મેં તો ચૂલા ઉપર ઝૂલતાં....૨
આંધણિયા ઊભરાઈ જાય, મોરલી ક્યાં રે વગાડી
ખમ્મા મારા....

એ રે મોરલીએ મન મારું મોહ્યું.... ૨
મેલ્યા છે ઘર ને બા’ર, મોરલી ક્યાં રે વગાડી
ખમ્મા મારા....

ભર રે નીંદરમાંથી... ૨
ઝબકી ને જાગી, ભૂલી ગઈ હું તો સાનભાન
મોરલી ક્યાં રે વગાડી
ખમ્મા મારા....

(રાસ-ગરબા અને હરીફાઈ)

૧) તા. ૧૫-૯-૨૦૦૯ જે.જે.સી.-બીચ સાઈડ
૨) તા. ૨૬-૯-૨૦૦૯ જે.જે.સી.-ડાઉન ટાઉન
૩) તા. ૨૫-૯-૨૦૦૯ અને તા. ૨૬-૯-૨૦૦૯ જે.જે.સી.-દાદર
૪) તા. ૧૮-૯-૨૦૦૯ જે.જે.સી.-વિલે પાર્લે
૫) તા. ૨૬-૯-૨૦૦૯ જે.જે.સી.-શિવાજી પાર્ક
૬) તા. ૦૪-૧-૨૦૦૯ જે.જે.સી.-બોરીવલી

કોણ હલાવે લીમડી ને કોણ ઝુલાવે પિંપળી
ભાઈની બેની લાડકી ને ભઈલો ઝુલાવે ડાળખી... ૨
લીલુડાં લીમડાં હેઠે બેનીબા હિંચકે હિંચે

હે ડ ડ લીમડાંની આજ ડાળ ઝુલાવે લિંબડી ઝોલા ખાય
હિંચકો નાનો બેની તારો આમ ઝૂલણિયા ખાય
કોયલ ને મોરલા બોલે બેનીનો હિંચકો ઝૂલે... ૨
કોણ હલાવે લીમડી....

ઓ પંખીડાં ડ ડ... ૨, ઓરા આવે હે પંખીડાં
બેની મારી હિંચકે હિંચે ડાળીયું તું ઝુલાવ...
પંખીડાં ડાળીએ બેસો પોપટજી પ્રેમથી હિંચો... ૨
કોણ હલાવે લીમડી....

હે આજે હિંચાવું બેનડી તારા હેત કહ્યા ન જાય... ૨
મીઠડો વાયુ આજ બની તારા હિંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે બેનીનો હિંચકો ડોલે... ૨
કોણ હલાવે લીમડી....

## શારદોત્સવ નિમિત્તે

જે.જે.સી.-નોર્થ ઈસ્ટ, રાજાવાડી, જેમ્ જગડુશા, ગોલ્ડન ગારોડિયા, પિંક પંતનગર, મુલુંડ, ચેમ્બુર, નવી મુંબઈ, વાશી, ચુનાભટ્ટી, ભાંડુપ-વિક્રોલી, બૉમ્બે ડાઉન ટાઉન, લે. વિ. મુંબઈ ઈસ્ટનો શરદપૂર્ણિમા નિમિત્તે સંયુક્ત કાર્યક્રમ તા. ૨૯-૯-૨૦૦૯ના રોજ ફાલ્ગુની પાઠકના સંગાથે, પોલીસ હોકી ગ્રાઉન્ડ, ઘાટકોપર મધ્યે.

જે.જે.સી.-મલાડ : રાસ-ગરબા સ્પર્ધા તા. ૪-૧૦-૨૦૦૯ એસ.એન.ડી.ટી. મહિલા કૉલેજ ગ્રાઉન્ડ, મલાડમાં.


Navrang Entertainments
Bindu Trivedi-Compere

ENTERTAINMENT - EVENTS

Theme Events, Lagna Geet, Raas-Garba, Stavan-Bhavna, Dairo, Mehandi Geet, Prarthana, Bhajans, Sangeet Sandhya Orchestra Management as per the requirements.

Tel.: 022-2512 3273
Mobile : 98213 42273 / 98201 25035

*(દરેક વાચકને પોતાનો હૃદયઈશ્વર ઓળખવા અને હૃદયધર્મ તપાસવા આ લેખ ઉપયોગી થાય એવી આશા)*

# ઈશ્વર-ધર્મ-પ્રાર્થના

ઈશ્વરને શોધવાનો પ્રારંભ, ઈશ્વરની શોધમાં જ છે. ઈશ્વર જેટલો પ્રકૃતિમાં છે એટલો જ માનવપ્રકૃતિમાં છે. ઈશ્વર સર્વશક્તિમાન અને સર્વસૃષ્ટિના નિયંતા છે. પ્રકૃતિમાં ઈશ્વરનાં દર્શન માટે ''કલાપી''એ લખ્યું છે ''જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.'' એવા એ પ્રકૃતિના ઈશ્વરને સમજવા બે કાવ્યોની થોડીક પંક્તિઓ જ પૂરતી છે.

જબ બહુત સુબહ ચિડિયા ઊઠ કર
કુછ ગીત ખુશી કે ગાતી હૈ,
કલિયાં દરવાજે ખોલખોલ
જબ દુનિયા પર મુસકાતી હૈ
ખુશબુકી લહરેં જબ ઘર સે
બાહર આ દૌડ લગાતી હૈ
    હે જગ કે સિરજનહાર પ્રભો
    તબ યાદ તુમ્હારી આતી હૈ
ચૂપચાપ ચમકતેં તારોં કી
મહેફિલ જબ રાત સજાતી હૈ
જબ ચાંદ શાન સે ઊઠતા હૈ
દિલ કી દુનિયા જગ જાતી હૈ
કુછ પતા નહીં લેકિન જરૂર
વહ સંદેશા કુછ લાતી હૈ
    હે જગ કે સિરજનહાર પ્રભો!
    તબ યાદ તુમ્હારી આતી હૈ.

– રામનરેશ ત્રિપાઠી

પ્રકૃતિના ઈશ્વરને સમર્પિત કવિ શૈલ લિખિત ગુજરાતી કાવ્યની થોડીક પંક્તિઓ –

આખી પૃથ્વી છે ઈશ્વરનો કાવ્યસંગ્રહ, એને
    વાંચું તો કેમ કરી વાંચું?
એણે કાવ્યો લખ્યાં છે કૈંક એવી લિપિમાં કે
    થોડાં ઉકેલું, ઝાઝું રાચું,
દરયો વાંચું ને વાંચું ઊછળતાં મોજાંઓ
    ખીણો વાંચું ને ઊંચા પહાડ
વસંત વાંચું ને પછી પાનખર વાંચું
    ને વર્ષામાં નીતરતા ઝાડ
મારી કવિતા એટલે ઈશ્વરનાં કાવ્યોનો
    મારી ભાષામાં અનુવાદ
અનુવાદ કરવામાં ખૂબી ને ક્યાંક હોય ખામી
    ને તોય મનમાં ને મનમાં નાચું
આખી પૃથ્વી છે ઈશ્વરનો કાવ્યસંગ્રહ
    અને વાંચું તો કેમ કરી વાંચું.

ટૂંકમાં મેં જે કંઈ જોયું તેના પરથી સમજાય છે કે મેં જે કંઈ નથી જોયું તે અંગે પણ સર્જનહારનો ઉપકાર માનવા જેવો છે. ઈશ્વરે આપણને આંખો આપી પણ શું જોવું શું ન જોવું એનો વિવેક આપણા પર છોડી દીધો.

ઉમાશંકર કહે છે –

દેનાર તો દે નયનો જ માત્ર
શું દેખવું તે કથવા પાત્ર

સંત કવિ મકરંદ દવે કહે છે –

દરરોજ હજારો ગફલતમાં
હું ભૂલી જાવ તને પ્રીતમ
ને એમ છતાં એવું શું છે
જે પ્રીતમ તારે કાજ નથી.

હવે આપણે માનવપ્રકૃતિના સર્જેલા ઈશ્વરની વાત કવિવર રવિન્દ્રનાથના આ કાવ્યથી કરીએ –

અન્તરમમ્ વિકસિત કરો અન્તરતર હે
નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુન્દર કરો હે
સંચાર કરો, સકલ કર્મ, શાંત તોમાર છંદ...
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે...

ઈશ્વર એવી કલમ વડે લખે છે કે જેના કદી ડાઘા પડતા નથી, એવી જીભે બોલે છે કે જેથી ગફલત થતી નથી અને એવા હાથે કામ કરે છે કે જે કદી નિષ્ફળ જતો નથી. ઈશ્વર આપણી ઘણી મુલાકાત લે છે, પણ મોટા ભાગે આપણે ઘેર હોતા નથી (ઈશ્વર લોકો દ્વારા જ લોકોની સંભાળ લે છે).

ઈશ્વર તક તો પેદા કરે જ છે, પણ તે શોધી કાઢવાની જવાબદારી આપણે માથે નાખે છે. કેટલાક લોકો ઈશ્વરની સેવા કરવા તત્પર હોય છે, પણ માત્ર તેના સલાહકાર તરીકે. તેવા લોકોને ઈશ્વરના આશીર્વાદ જોઈએ છે, પણ ઈશ્વર જોઈતો નથી. આવા લોકોએ જાણવું જોઈએ કે જે પોતે કશું જમા કરાવતો નથી તેવા લોકોની હૂંડી ઈશ્વરે સ્વીકારી લેવી જોઈએ તેવું નથી.

કોઈ વ્યક્તિ પોતાની શરતે ઈશ્વરનો ભક્ત થઈ શકે નહિ. ઈશ્વરને રાજી કરવાના હજારો રસ્તા હશે, પણ શ્રદ્ધા વિનાનો એકેય નહિ. જે વ્યક્તિ સાંભળવા માટે સમય કાઢે

છે તેની સાથે જ ઈશ્વર વાત કરે તે સ્વાભાવિક છે. ઈશ્વર તો તમને ઘઉં આપે પણ તેને દળીને રોટલી બનાવવાનું કામ તમારે જ કરવાનું હોય છે. ઈશ્વર કેટલીક વાર આપણને અંધકારમાં મૂકી દે છે, એ સાબિત કરવા કે તે જ પ્રકાશ છે. તે ઘણી વાર માણસને ઊંડા પાણીમાં ઉતારે છે, ત્યારે તેનો હેતુ એને ડુબાડવાનો હોતો નથી, પણ તેને ચોખ્ખા કરવાનો હોય છે.

જ્યારે આપણાથી થઈ શકે એ બધું આપણે કરી છૂટીએ છીએ ત્યારે ઈશ્વર આપણાથી જે નથી થઈ શકતું તે કરી આપે છે. દુનિયાના બધા જ પ્રશ્નો આપણે ઉકેલી નાખીએ એવી ઈશ્વર અપેક્ષા રાખતો નથી, હકીકતમાં આપણે તે ઊભા જ ન કરીએ એવું તે ઇચ્છે છે.

આપણે લોકો સાથે જીવવું જોઈએ તેમના પ્રશ્નો જાણવા સારુ અને ઈશ્વર સાથે જીવવું જોઈએ એ પ્રશ્નો ઉકેલવા સારુ. કોઈ પણ ક્રિયા કરતી વેળા પ્રભુનું સ્મરણ થઈ શકે છે, પણ પ્રભુનું સ્મરણ કરતી વેળા બીજી ક્રિયા કરવાની હોય નહિ, જેમ કે પ્રભુનું નામ લેતી વેળા તમે સિગારેટ ફૂંકી શકો નહિ, પણ સિગારેટ ફૂંકતી વેળા તમે પ્રભુનું સ્મરણ કરી શકો.

ઈશ્વરને બહાર રાખવામાં આવે તો સમજવું કે અંદર કંઈક ખોટું છે. મારી એક સલાહ છે, કે જે માણસનો ઈશ્વર ઉપર આકાશમાં હોય તેનાથી સદાય ચેતતા રહેજો, કારણકે તે ભાગ્યે જ નીચે લોકો તરફ જોશે.

તમને ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કોઈ જ કારણ ન જડે તો એટલું નક્કી માનજો કે તમારામાં કંઈક ખામી છે... અને અંતમાં આપણા સર્વના એક ના એક ઈશ્વર વિશે શ્રી પ્રદીપ પંડ્યાની એક અછાંદસ કવિતા –

વર્તમાનપત્રમાં જાહેરખબર આવે છે

''અમારી કોઈ શાખા નથી અને અમારી નામધારી બધી જ શાખાઓ બનાવટી છે.''

ઈશ્વર કેમ કહેતો નથી,
કે મારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી.
બીજા બધા બનાવટી ઈશ્વરો છે,
હું બીજા કોઈ ઈશ્વરને ઓળખતો નથી.

## ધર્મ

મારા મત પ્રમાણે ધર્મ = માનવતા પ્રત્યેની નિષ્ઠા. સુરેશ દલાલના કહેવા પ્રમાણે કેવળ નૈતિકતા એ ધર્મનો સાચો અર્થ નથી, પણ નૈતિકતાને થયેલો લાગણીનો સ્પર્શ – એ ધર્મનો સાચો અર્થ છે. ધર્મનું કેન્દ્ર મનુષ્ય અને માનવતા છે. માણસને ધિક્કારવો અને ઈશ્વરને પ્રેમ કરવો એ વિચિત્ર વાત છે.

એસ્ટર્ટન કહે છે ધર્મ એ ઈશ્વરની તલાશ માટે માણસનો પ્રતિભાવ કે પ્રત્યાઘાત છે. આ જગત ધર્મમાં સમાયેલા કેટલાક પવિત્ર શબ્દોને કારણે ટકી રહ્યું છે. પ્રેમ, કરુણા, સત્ય, અહિંસા, શાંતિ, મૌન, સરળતા, નિખાલસતા, પરોપકાર વગેરેવગેરે. મારા હિસાબે આ જ શબ્દોમાં ધર્મ સમાયેલો છે. કેટલાક લોકો ધર્મને ઇન્સ્યોરન્સનું પ્રીમિયમ હોય તેમ જોતા હોય છે, પણ ધર્મ એ બૅન્ક જેવો છે. જ્યાં લગી સત્કૃત્યોરૂપી થાપણ જમા કરાવતા નથી ત્યાં સુધી પુણ્યરૂપી વ્યાજ સાંપડતું નથી. ધર્મ આપણને શીખવે છે કે સાર્થક લ્યો ને નિરર્થક તજી દો. તે શીખવે છે કે મનુષ્યનું પ્રત્યેક કાર્ય ઈશ્વર વતી થઈ રહેલું કર્મ છે. ટૂંકમાં ધર્મ આપણને God-Fearing Man નહીં, પણ Good Loving Man થવાનું શીખવે છે.

## પ્રાર્થના

એમ કહેવાય છે કે ઈશ્વર કદી પણ એક પ્રાર્થનાથી છેટો હોતો નથી. મોટા ભાગના લોકો, પોતે જેટલી મહેનત કરવા માગે છે તે કરતાં વધારે ફળ માટે પ્રાર્થના કરતા હોય છે. વિચાર કરો જો આપણી બધી જ પ્રાર્થનાઓ ફળવા માંડે તો આપણે બધા ખૂબ મુશ્કેલીમાં મુકાઈ જઈએ. ભગવાને ભક્તની પ્રાર્થનાનો પ્રત્યુતર વાળવો જોઈએ. એમ થાય તો એ પ્રાર્થના રહેતી નથી, પણ પત્રવ્યવહાર થઈ જાય છે. ઘણા લોકો મંદિરે દર્શન કરવા જાય ત્યારે પહેલી પ્રાર્થના એ કરતા હોય છે કે મારા ચંપલ સલામત રહે. મારા હિસાબે ''હું પ્રાર્થના કરી રહ્યો છું'' એની જેને જાણ નથી એ માણસ શ્રેષ્ઠ પ્રાર્થના કરે છે. ગાંધીજી કહે છે અને તે ફક્ત હરિજનના ગાંધી જ કહી શકે કે ''પ્રાર્થના આત્માને સ્વસ્થ કરવાની સાવરણી છે.''

આપણા દરેકના જીવનનું ધ્યેય હોવું જોઈએ. પ્રાર્થના–ભક્તિ–સાધના–સમર્પણ.

... અંતમાં સૌમ્ય જોશીનો મને ખૂબ જ ગમતો પ્રાર્થના વિશેનો શેર,

''થોડાં જગતનાં આંસુઓ ને થોડા 'મરીઝ'ના શેર
લાવ્યો છું જુદી પ્રાર્થના, સંભળાય છે ઈશ્વર.''

*લિ. કિરણ શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

# પાછલા બારણે પુનરાગમન

દુનિયાના કોઈ પણ ખૂણામાં ત્યાં વસતો સમાજ અનુભવોના આધારે પોતપોતાની ભૌગોલિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં ધાર્મિક માન્યતાને આધીન બહુધા જનસમુદાયના હિતમાં અરસપરસ મદદરૂપ થવાય તે માટ બધાને લાગુ પડે તેવા નિયમો બનાવે છે. આ નિયમો આગળ જતાં 'રિવાજ'માં પરિવર્તિત થાય છે. સમયાંતરે તે 'રૂઢી'માં ફિક્સ થઈ જાય છે. જો સમાજ પરિવર્તિત (Dynamic) ન હોય તો આ રૂઢી સમાજને બીબામાં જકડી રાખે છે. રૂઢીમાં થોડાથોડા સમયે ફેરફાર લાવવા જ જોઈએ, નહિતર રૂઢી ખતરનાક સાબિત થઈ શકે. તે સમાજની પ્રગતિ રૂંધી નાખે છે. સમાજને અવળા પાટે ચડાવી દે છે. સમાજ તેનો શિકાર બની જાય છે. આપણી ચારેય બાજુ નજર નાખીશું તો આપણે જોઈ શકીશું કે મોટા ભાગના સમાજ તેમની પરંપરાગત રૂઢીના શિકાર બનેલા હોય છે. તેમાં તેઓ કોઈ જ ફેરફાર કરી શકતા નથી. કોઈ ફેરફાર કરવા જાય તો સમાજના સ્થાપિત હિત ધરાવતા રૂઢીચુસ્ત લોકો તેમને સામાજિક રીતે હેરાન-પરેશાન કરી નાખે છે. જે સમાજ વિચારશીલ છે તે આવી રૂઢીઓને વારે-તહેવારે Revive કરે છે અને ઉપયોગી ફેરફાર કરતા જ રહે છે જેથી સમાજના માણસો રૂઢીના શિકાર ન બને. રૂઢી બેડી સમાન છે. તેને તોડવા માટે જબ્બર વિચારધારા અને હિંમત જોઈએ. રિવાજોને ફેરવી શકાય, પણ રૂઢીને તોડી ન શકાય. મોટા ભાગના સમાજના માણસો આવી જડબેસલાક રૂઢીઓને લઈને જ આર્થિક રીતે બરબાદ થાય છે જેથી તેમની બીજી પ્રગતિ રૂંધાઈ જાય છે. મોટા ભાગના માણસો આવી બેડી તોડવા નિષ્ફળ ફાંફા મારતા હોય છે.

આ બધી માયાજાળમાં જૈન સમાજ તેના ઉદ્ભવકાળથી જ પરિવર્તિત રહ્યો છે. દર થોડાં વર્ષો પછી તેની પરંપરામાં જરૂરી બદલાવ આવે છે. તે માટે આપણા ધાર્મિક ગુરુઓ તથા સમાજના આગેવાનો જાગૃત જ હોય છે. ખોટા રિવાજોને પડકારીને તેને રફેદફે કરવામાં તેઓ અગત્યનો ભાગ ભજવે છે. આ કારણસર જ જૈનોનો સમુદાય ખૂબ જ નાનો હોવા છતાં તેમની આર્થિક અને સાંસ્કારિક પ્રગતિ ઉલ્લેખનીય છે. સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ અને ઇતિહાસવિદ્દો એ જાણવા રિસર્ચ કરી રહ્યા છે કે જૈનોની આવી પ્રગતિનું કારણ શું ? જગતમાં યહૂદી પછી આ બીજી કોમ છે જેણે રૂઢીઓની ધુંસરીમાંથી મુક્ત થઈ, આટલા નાના સમયમાં આવી વિશાળ પ્રગતિ કરી છે. તેના પાયામાં આ જ કારણ છે.

### ''ભાણે બેસીને જજો''

થોડાં વર્ષો પહેલાં કોઈ પૈસાપાત્ર કુટુંબની બેજવાબદારીભરી ખેવનાથી ચાલુ થયેલી પ્રથા આજે સમાજ મને-કમને ખેંચાઈને પણ ધીમેધીમે આ રિવાજ અપનાવતો જાય છે.

કોઈ પણ સ્વરૂપના પ્રેતભોજન (કારજ, દાડો, બારમું, તેરમું વગેરે)ની રૂઢીને વિદાય અપાવનાર/તોડીફોડી નાખનાર જૈન સમાજ હવે ઝડપથી પ્રેતભોજનને અજાણતા નવા સ્વરૂપે પાછો લાવી રહ્યો છે.

પ્રાર્થનામાં દૂરથી આવતાં સગાં-સ્નેહીઓની સગવડતા ખાતર સાદા ભોજનથી શરૂ થયેલો આ રિવાજ હવે ભાતીગળ Luxurious ભોજન સમારંભમાં પલટાઈ રહ્યો છે. સમાજના નબળા વર્ગને તેની પાછળ ખેંચાઈ જવું પડે છે.

લગ્ન હોય તો એક વર્ષથી તેની આર્થિક દૃષ્ટિથી આયોજનપૂર્વક તૈયારી ચાલતી હોય છે, પણ મરણ તો આકસ્મિક-અણધાર્યું હોય છે. આર્થિક રીતે પગભર તૈયાર થઈ રહેલા નબળા વર્ગ પર આ પ્રથાની અવળી અસર થાય છે અને તેની પ્રગતિ થોડા સમય માટે રૂંધાઈ જાય છે માટે જ આ ધીમેધીમે રૂઢીનું સ્થાન ન લઈ લે તે માટે જૈનોએ જાગી જવાની જરૂર છે.

આ પ્રથાને બંધ કરવા/રોકવા માટે જરૂરી ઉપાયો વિચારી તેને અમલમાં મૂકવા જોઈએ તેવો સમય આવી ગયો છે. જૈન સમાજના સામૂહિક ઉત્થાન માટે આ જરૂરી છે.

જૈનો સેન્ટીમેન્ટલી હિંદુ સમાજ સાથે બહુ જ નજીક હોઈ તેનાં રીત-રિવાજોની આપણા પર ઊંડી અસર હોય છે. મૃત્યુ પછીના ઘણા લૉજિક વિનાના રિવાજોના આપણે પણ શિકાર બન્યા છીએ. તેમાં ધરખમ સુધારા કરવાની ખાસ જરૂર છે.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ભૂતપૂર્વ ચૅરમૅન અને અનેક જે.જે.સી.નાં નિર્માણ અને પ્રગતિમાં જેમનો સિંહફાળો રહ્યો છે એવા શ્રી રમણીકભાઈ દેસાઈ આપણા આગેવાન સુધારક હતા. તેમની Revolutionary અને Reformative વિચારધારાથી તેઓ સમાજમાં માનભર્યું સ્થાન પામ્યા હતા. તેમણે પોતે જ મૃત્યુ પછીના રિવાજોના સાપેક્ષમાં તેમનાં સગાં-સ્નેહી-કુટુંબીજનોને સંબોધતું એક વિલ બનાવેલું જે ખૂબ જ સૂચક અને પ્રેરણાદાયી છે અને તે સુધારા/સૂચનો જૈન સમાજે અપનાવવા જેવા છે તેથી તેમના શબ્દોમાં થોડીક વ્યાકરણીય ફેરફાર સાથે 'જાગૃતિ સંદેશ'માં આપીએ છીએ. આપના પ્રત્યાઘાત આવકાર્ય છે.

**– તંત્રી**

### મારી અંતિમ ઇચ્છા

મારું નામ રમણીક છગનલાલ દેસાઈ છે. મારી ઉંમર અંદાજે ૭૫ વર્ષની થઈ. એવું લાગે છે કે જરૂરિયાત કરતાં વધારે

જીવાઈ ગયું! મારું પિયર અને સાસરું ધર્મે જૈન છે. મેં મારાથી બને એટલું જીવન જૈન ધર્મનાં રીતિ-રિવાજ પ્રમાણે જીવવાના પ્રયત્ન કર્યા છે. હવે મારો અંત, એટલે કે આ પૃથ્વી પર નામધારી જીવન પૂર્ણ થવાને આરે છે. હવે આ જીવ આ ખોળિયાને છોડીને તેમાં રહેલો આત્મા અન્ય જીવન ધારણ કરવાની તૈયારીમાં છે.

એવે વખતે મારું મૃત્યુ થાય પછી શું કરવું એ બાબત મારી ઇચ્છા નીચે મુજબ છે. મારાં પુત્ર, પુત્રીઓ અને અંગત સગાંઓને મારી નમ્ર વિનંતી છે કે —

મારા મૃત્યુ પછી :–

૧) મારાં ચક્ષુઓનું દાન કરવું.

૨) મારા શરીરનું ''દેહદાન'' મુંબઈમાં આવેલ કોઈ હૉસ્પિટલમાં કાયદા પ્રમાણે અને નીતિ-નિયમો પ્રમાણે કરવું. તેને માટેના ફૉર્મ મેળવીને, મારી સહી લઈને મારા પુત્રોની સંમતિ અર્થે સહી લઈ, યોગ્ય હૉસ્પિટલને મોકલી રજિસ્ટર કરવું અને એ રજિસ્ટ્રેશન પત્ર મારા પલંગ પાસે હાથવગો રહે એમ રાખવો.

૩) જો શક્ય હોય તો મારા દેહદાન અગાઉ ત્વચાદાન-Skin Donation કરાવી નાખવું. શક્ય ન હોય તો તેમ કરવાની જરૂર નથી.

૪) જો કોઈ કારણસર કે બીમારીને લઈ મને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હોય અને ત્યાં મારું અવસાન થાય તો મારા અવયવો જેવા કે હૃદય, ફેફસાં, કિડની, લીવર, હાડકાં, મગજ વગેરે જે કાંઈ અન્ય દર્દીને કામ લાગે એમ હોય તો તે દાન આપ્યા પછી અને ત્વચાદાન કર્યા પછી જ દેહદાન કરવું.

૫) ઉપરોક્ત અવયવદાન માટે હૉસ્પિટલમાં જ મૃત્યુ થવું વધુ સારું હોય તો મૃત્યુ અગાઉ જ હૉસ્પિટલમાં દાખલ કરી દેવો.

૬) સગાં, સંબંધી સહુને ફક્ત ટેલિફોનથી અથવા કોઈના થકી સંદેશો મોકલી આપવો અને તેમને 'અંતિમયાત્રા'-સ્મશાનયાત્રામાં બોલાવવા નહીં અને આવવાની વિનંતીસહ ના પાડવી.

૭) ફક્ત અંગત-અત્યંત અંગત સગાંઓને જ રૂબરૂ બોલાવવા, જેમની સંખ્યા કોઈ પણ સંજોગોમાં ૨૦ થી વધુ ન હોવી જોઈએ.

૮) હૉસ્પિટલમાં દર્દીને લાવવા-લઈ જવા જેવા સ્ટ્રેચર મળે છે તેવું એક સ્ટ્રેચર અગાઉથી વેચાતું લઈ લેવું અથવા બનાવી લેવું. તેના પર નીચે ૨ મીટર સફેદ કપડું પાથરી, ઉપર બે મીટર કપડું ઢાંકી ઓછામાં ઓછી દોરીથી તેના પર બાંધી હૉસ્પિટલમાં પહોંચાડી, સ્ટ્રેચરને પાછું લઈ, ઘાટકોપર સ્મશાનભૂમિને દાનમાં આપી દેવું.

૯) શબ ઉપર ઉપર-નીચે સફેદ કપડા પર અબીલ, ગુલાલ, કંકુ કંઈ જ છાંટવું નહીં. કોઈ પણ જાતના ફૂલનો ઉપયોગ કરવો નહીં. કોઈ પણ જાતના હાર-ફૂલ કે સુખડ કે અન્યનો ઉપયોગ કરવો નહીં. શાલ કે એવું કોઈ વસ્ત્ર પણ ઓઢાડવું નહીં.

૧૦) હૉસ્પિટલની ''વાન''માં શબને મૂક્તાં પહેલાં પ્રથમ નવકાર મંત્ર, પછી ૧ લોગસ્સનો કાઉસગ્ગ, પછી માંગલિક બોલાવીને, શબને 'વાન'માં મૂકવું અને ફક્ત વધુમાં વધુ ૧૧ માણસો હૉસ્પિટલમાં જાય. ત્યાંની વિધિ પતાવી સર્ટિફિકેટ લઈ તરત જ ઘરે આવી જવું.

૧૧) કોઈ પણ રડે નહીં તેનો ખ્યાલ રાખવો, 'મો' વાળે નહીં એ અત્યંત જરૂરી છે.

૧૨) 'વાન' રવાના થાય એટલે ઘરે બાકીના રહેતાં માણસો-બહેનોએ ઘર સાફ કરી-કરાવી સ્નાન કરી દરરોજના નિયમ પ્રમાણે કામ પર લાગી જવું.

૧૩) કોઈએ સફેદ કપડાં પહેરવા નહીં, સળી, ચાંદલો કાઢવા નહીં, કોઈ પ્રસંગને રોકવો નહીં. કોઈ પ્રસંગમાં જવાનું હોય તો ગેરહાજર રહેવું નહીં.

૧૪) બહારગામ રહેતા અથવા દૂર રહેતાં સગાં-સંબંધીઓને 'ફોન-મોબાઈલ'થી સમાચાર આપી તેમને કોઈ પણ જાતને શોક ન પાળવા વિનંતી કરવી.

૧૫) મારા મૃત્યુ પછી ઘરની વ્યક્તિઓએ પાંચ દિવસ સુધી ફક્ત ૧૫ મિનિટ માટે ભક્તિ અથવા જાપ અથવા સ્તવન અથવા માંગલિક રાત્રે એક વખત ગાવા.

૧૬) ખાવા-પીવામાં કોઈ પણ જાતનો શોક રાખવો નહીં. પહેરવા, ઓઢવામાં કે બહાર જવામાં કે નિત્ય ક્રમમાં કોઈ પણ શોક રાખવો નહીં.

૧૭) મારા ફોટાને કોઈ હાર પહેરાવવો નહીં. બની શકે તો ફોટા પણ રાખવા નહીં.

૧૮) વર્તમાનપત્રમાં મૃત્યુનોંધ આપવી નહીં. આપવી જ હોય તો પ્રાર્થનાસભા, સાદડી, શોક, લૌકિક ન રાખ્યાનો ઉલ્લેખ ભાર દઈને કરવો.

૧૯) જો બની શકે, શક્ય હોય, ઇચ્છા હોય, સગવડ હોય, તો જેટલાં વૃદ્ધાશ્રમો તમને ખબર હોય તે દરેકમાં ૧-૧ 'વૃદ્ધા'નો ખર્ચ ''દત્તક'' લેવો.

૨૦) કામ પર ગેરહાજર રહેવું નહીં, શાળા-કૉલેજમાં જતા છોકરાવને અટકાવવા નહીં.

૨૧) ટૂંકમાં મૃત્યુને મૃત્યુ ન માનતા ''આત્માનું જીવન પરિવર્તન'' માની હાલના ''ખોળિયા''ને વિદાય આપવી.

૨૨) આટલું કરવાનું વચન આપશો તો મને પરમ શાંતિ મળશે.

**લિ. રમણીકના આશિષ અને આશીર્વાદ**

# દિવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત

■ ગુણવંત બરવાળિયા

ધનતેરસથી ભાઈબીજ સુધીનાં પાંચ પર્વોના સમૂહને આપણે દીપોત્સવી પર્વરૂપે ઊજવીએ છીએ. બે વર્ષના સંધિકાળનું પર્વ એટલે દિવાળી. વીતેલા જૂના વર્ષને વિદાય અને નૂતનવર્ષના સ્વાગતનો પર્વસમૂહ એટલે દીપાવલી.

ભગવાન મહાવીરનો અંતિમ કાળ, નિર્વાણ સમય હવે નજીક છે એમ જાણી કેટલાય દેશના રાજાઓ તેરસની સંધ્યા સમયે ભગવાનનાં દર્શન કરવાના ભાવથી પાવાપુરી નગરીના સીમાડે પોતાના રસાલા સાથે એકત્ર થયા. ગોરજના સમયે વગડામાંથી ચરીને ગાયો પાછી આવી રહી હતી. સામે મોટી સંખ્યામાં માણસોનું ટોળું જોઈ ગાયો ભયભીત બની નાસભાગ કરવા લાગી તેથી તે દિવસને 'ધણતેરસ' પણ કહેવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે અને આ દિવસથી ગાયોના ધણની પૂજા કરવાની પરંપરાની શરૂઆત થઈ.

ધન-લક્ષ્મીની પૂજા કરવાને કારણે ધનતેરસ કહીએ છીએ, પરંતુ તે સમયના ભવ્ય જીવોએ તો તીર્થંકરના સમવસરણમાં તેમની નિશ્રામાં તેરસને 'ધન્ય તેરસ' બનાવી દીધી.

લૌકિક પર્વોના સંદર્ભે આસો વદ ચૌદશને 'કાળીચૌદશ' કહે છે. રાત્રિના દેવોને વશમાં લેવા તાંત્રિકો મંત્રસાધના કરે છે. ભૌતિક સ્વસુખ માટે પરપીડન કરી સાધનાનો દુરુપયોગ કરનારની આવા અમાનુષી કૃત્યને કારણે દુર્ગતિ થાય, પરંતુ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાનો કલ્યાણમય ઉપયોગ કાળી રાતે પણ માનવતાનાં અજવાળાં પ્રગટાવશે.

ભૂતાનની દક્ષિણે આવેલા આસામ સુધીનો પ્રદેશ પ્રાગજ્યોતિષ ક્ષેત્ર તરીકે જાણીતો હતો. અહીં નરકાસુર નામે દુષ્ટ રાજા પ્રજાને રંજાડતો હતો. તેણે સોળ હજાર રાજકન્યાઓને પોતાના મહેલમાં કેદ કરી હતી. સત્યભામાએ આ સ્ત્રીમુક્તિ અભિયાનમાં પોતાને સહકાર આપવા શ્રીકૃષ્ણને વિનંતી કરી. રથમાં સત્યભામા આગળ અને શ્રીકૃષ્ણ પાછળ, યુદ્ધ થયું. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો તેથી આ દિવસને નરક ચતુર્દશીરૂપે પણ ઓળખે છે. આ દિવસે શ્રમણ ભગવાન મહાવીરે સોળ પ્રહર સુધીની અંતિમ પ્રવચન શ્રેણીનો પ્રારંભ કર્યો હતો. તેથી આ દિવસને 'રૂપ ચતુર્દશી'રૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસોમાં ભગવાનની એ દિવ્ય દેશનાને આત્મસાત્ કરીએ તો; અંતરનાં અંધારાં ઉલેચાશે, મિથ્યાત્વની કાલિમા જશે અને ચૌમુખી દીપ જેવું સમ્યક્ત્વનું રૂપ પ્રગટશે.

ભારતીય સંસ્કૃતિનાં લોકપર્વોમાં દીપાવલી મહાપર્વ છે. ભારતવર્ષના લગભગ બધા જ લોકો વર્ણો, પ્રાંત અને ભાષાના ભેદ વિના દિવાળી પર્વ ઊજવે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણનો નરકાસુર પર વિજય, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો રાવણ પર વિજય, લોકપ્રિય રાજા વિક્રમાદિત્યનો શકો અને હૂણો પર વિજય, આમ દિવાળીનાં પર્વો પાછળ આ વિજયગાથાની કથાઓ સંકળાયેલી છે, જે આસુરીશક્તિ પર દૈવીશક્તિના વિજયનું પ્રતીક છે.

દિવાળીના રાત્રિના પાછલા પહોરે ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ થયું. પોતાના આત્મા પર રહેલાં કષાયો અને કર્મો પર વિજય મેળવી, પ્રભુની આત્મજ્યોતિ પરમાત્મ પ્રકાશમાં વિલીન થઈ ગઈ. તીર્થંકર ભગવાન પોતાની જાત પર મેળવેલા વિજયને પૂર્ણ વિજય ગણે છે.

ભગવાનના મોક્ષાગમનને કારણે તેમના દેહી ચૈતન્યનો દીપક વિશ્વચૈતન્યની જ્યોતમાં વિલીન થવાથી, પાવાપુરી નગરીમાં અઢાર દેશના ગણરાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું.

બળીરાજા એક આદર્શ રાજા હતા. જીવહિંસા, સુરાપાન, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત જેવાં દૂષણો તેના રાજ્યમાં ન હતાં. બટુક બ્રાહ્મણ સ્વરૂપે શ્રીકૃષ્ણે સાડા ત્રણ ડગલાં પૃથ્વી માગી. વામનમૂર્તિ ભગવાનના વિરાટ સ્વરૂપને રાજાએ સર્વસ્વ અર્પણ કર્યું. તેની પાવન સ્મૃતિરૂપ ત્રણ અહોરાત્ર તહેવારોનું આયોજન વિષ્ણુ દ્વારા થયું. તે પર્વોત્સવ દિવાળીરૂપે ઓળખાયા.

શકો અને હૂણો પરના વિજય બાદ પરદુ:ખભંજન રાજા વીર વિક્રમે ગરીબોને શાહુકારની શોષણખોરીથી મુક્ત કર્યા. વેપારીઓને અને ખેડૂતોને પોતાની આવક અને ઊપજના મહેસૂલ ભરવા જણાવ્યું. તે દિવસ દિવાળીનો હતો. ત્યારથી પરંપરાગત રીતે દિવાળીની રાત્રે આખા વર્ષના ધંધાની લેવડ-દેવડના હિસાબો સમાપ્ત કરી નવા વર્ષ માટેના ચોપડાઓનું પૂજન કરવામાં આવે છે.

હવે તો સરકારે નાણાકીય વર્ષનો અંતિમ દિવસ અંગ્રેજી માર્ચ મહિનાની એકત્રીસ તારીખનો નક્કી કર્યો જેથી

ચોપડાપૂજન માત્ર વિધિ પૂરતું જ રહી ગયું.

ચોપડાપૂજન દ્વારા આપણે આવી રહેલા નવ વર્ષ માટે કુબેરજીનો ભંડાર, ધન્નાશાલિભદ્રની રિદ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્યની આશા સેવીએ છીએ. સાથે સાથે કુબેરજીના ત્યાગ અને શાલિભદ્રના દાનભાવનું સ્મરણ કરવું જોઈએ. આપણે દિવાળીના દિવસે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણા ચોપડામાં હિંસા, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા થતાં આવક કે નફાનું કોઈ પણ ખાતું ન ખૂલે. અહીં ન્યાયસંપન્ન વૈભવની પવિત્ર ભાવના અભિપ્રેત છે. આત્મગુણ પ્રગટે તેવા સુકૃત્યનાં ખાતાંથી જીવનનો ચોપડા ભરાઈ રહે.

આ પર્વ માનવીને મૃત્યુના સંકેતનો સંદેશ આપે છે. જેમ વર્ષનો અંત દિવાળી તેમ જીવનનો અંત મૃત્યુ. દિવાળી પછી નવું વર્ષ, તેમ મૃત્યુ પછી નવજીવન. આમ દીપોત્સવી એ મૃત્યુનો ઉત્સવ. મૃત્યુ પરની શ્રદ્ધાનું પર્વ છે. જીવનમાં સરજાતી નવી આશાના સ્વાગતનો પર્વસમૂહ છે.

ઉલ્લાસ અને ઉમંગ સાથે નવા વર્ષના પ્રભાતે અભિનંદનોની આપ-લે થાય છે.

નવા ધાન્યમાંથી વિધવિધ મીઠાઈ બનાવી પ્રથમ એ મિષ્ટ નૈવેદ્ય થાળી અન્નકૂટરૂપે પ્રભુને ધરીએ છીએ. દિવાળીની રાત્રિની અંતિમ ક્ષણોમાં ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગણધર ગૌતમના જીવનમાં પ્રભુ પ્રત્યેના 'રાગ'ને સ્થાને 'વીતરાગતા' પ્રગટી. તેઓએ અજ્ઞાનનાં અંધારાં ઉલેચી કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવી દિવાળીના પર્વને આત્મપ્રકાશનું જ્યોતિપર્વ બનાવી દીધું. કેવળજ્ઞાનની પાવન સ્મૃતિની એ પ્રતિપદા (એકમ)ને 'ગૌતમ પ્રતિપદા' નૂતન વર્ષરૂપે ઊજવીએ છીએ. એ આપણા જીવનમાં નૂતનજ્ઞાનના અભ્યુદયનું સ્વાગત કરે.

ભાઈ-બહેનના દિવ્યપ્રેમની ઝાંખી કરાવતું પર્વ એટલે ભાઈબીજ. ભાઈ-બહેનનો સંબંધ અનાદિનો ઉદય સહજ અને સાર્વભૌમ છે. નિર્વિકારી, નિષ્કામ અને પવિત્ર છે.

આ દિવસે યમરાજ બહેન યમુનાને ઘરે જમવા જાય છે. યમરાજ પ્રસન્ન થઈને બહેનને વરદાન માગવા કહે છે. યમુના વરદાન માગે છે, ''જે કોઈ ભાઈ આજના દિવસે પોતાની બહેનને ત્યાં જઈ જમે અને ભાઈ-બહેન બંનેનો નિર્મળ પ્રેમનો ભાવતંતુ જળવાઈ રહે તેનું અપમૃત્યુ ન થાય.'' યમરાજે તથાસ્તુ કહી ભાઈબીજની મંગળ રાતે બહેનના ભાવપૂર્ણ મોંઘા વરદાનની મહોર મારી.

ફાધર વાલેસ કહે છે કે 'સ્ત્રી માત્રમાં બહેનનું સ્વરૂપ જોવું. બધી સ્ત્રીમાં વસેલી બહેનને વંદન કરવું. તે આ પર્વનો સંદેશ છે.'

પરસ્ત્રી તરફ નિર્મળ ભાવનાથી, પવિત્ર દૃષ્ટિથી જોવું એવો ભાઈ-બહેનનો ધર્મ પાળે તેનું નૈતિક અપમૃત્યુ ન થાય. નિર્દોષ, નિખાલસે જીવનમાં વાસના જાગે તો ભાવમરણ થાય. ભાઈ-બહેનનો પ્રેમ પવિત્રતાનો સંસ્કાર છે. આ ભાવના બ્રહ્મચર્યની સાધનાનો પાયો છે. ભાઈબીજના દિવસે બહેનના પવિત્ર હાથે ભાઈના કપાળ (ભાલ) પર કરેલ ચાંદલો (તિલક) શંકરના ત્રીજા નેત્રની જેમ કામવિકારને બાળીને ભસ્મ કરી નાખે છે. ભાઈબીજનો ચાંદલો મનુષ્યના કામવિજયનું વિજયતિલક છે.

આ ભાઈબીજના પર્વના દિવસે આદર્શ ભાઈ-બહેનોનું પાવન સ્મરણ કરી વંદન કરીએ. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત અને બાહુબલિની બહેનો બ્રાહ્મી અને સુંદરી ભાઈ-બહેનના ઉચ્ચ આધ્યાત્મિક સંબંધનું આદર્શ ઉદાહરણ છે. શ્રીકૃષ્ણે દ્રૌપદીનાં ચીર પૂરી ભાઈ-બહેનના નિર્વ્યાજ સંબંધને ધર્મની ઉત્કૃષ્ટ ભૂમિકા પર મૂક્યો. રાજા અશોકનાં પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાએ ભાઈ-બહેનનો, ધર્મ-પ્રભાવનાનો સહિયારો પ્રયાસ બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં અમર બની ગયો.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી વિરહથી ભાઈ નંદીવર્ધન આર્તધ્યાન, રુદન કરે છે. બહેન સુદર્શના ભાઈને પોતાના ઘેર લઈ ગયા તે દિવસે બીજ હતી. સુદર્શનાએ ભાઈને પ્રતિબોધ આપ્યો. રાગ અને મમત્વબુદ્ધિ ઓછી કરાવી મોહ ઉપશાંત કરાવ્યો, વૈરાગ્યભાવ જગાડ્યો. તેથી નંદીવર્ધન પણ મહાવીરના માર્ગે ચાલવા તૈયાર થઈ ગયા. આમ ભાઈબીજ એ ભાઈ-બહેનના નિર્મળ સ્નેહના પરિતોષનું પર્વ બની ગયું.

દેવ સામે અન્નકૂટ ભરવાની ભવ્યતા સાથે, સુખસંપન્ન લોકોની સહાયથી દરિદ્રનારાયણ દિવાળી ઊજવે તો આ પર્વોત્સવની દિવ્યતા વધે છે.

જ્ઞાનીઓએ તો આ દિવસોમાં ઘરની સાફસૂફી સાથે દેહરૂપી ઘરમાંનાં કર્મરૂપી જાળાં સાફ કરવા જણાવ્યું છે. માત્ર રાવણના પૂતળાને બાળી વિજયાદશમી ઊજવવાથી કશું નહીં વળે. રાવણને દસ માથાં હતાં, અહંકારને હજાર માથાં છે.

અંતરમાં પડેલા અહમ્‌ને બાળીને ભસ્મ કરીશું ત્યારે ભીતરના અહમ્‌નાં દર્શન થઈ શકશે. ઘરના આંગણામાં સમક્તિના સાથિયા પૂરી જ્ઞાનના દીપક પ્રગટાવી ભાવદિવાળી ઊજવીએ એ જ દીપાવલીનો સંદેશ છે. આપણા સૌમાં દિવાળીની ભવ્યતા સાથે દિવાળીની દિવ્યતાનું અવતરણ થાય તેવી પરમ સમીપે પ્રાંજલ પ્રાર્થના.



# એક પ્રેરક કથા

જૈન સમાજ પ્રતાપી નરબંકાઓથી સનાતન સમયથી સમૃદ્ધ છે. તે અહિંસક છે, પણ લડાઈ તો લડી લે જ છે – અલબત્ત પ્રારબ્ધ સામે. આવા એક જિંદાદિલ નરબંકાનું તા. ૧૪-૮-૨૦૦૯, શુક્રવારના રોજ અરિહંતવિલીન થયું. મૂળ વલભીપુરના પણ કર્મકથા લખાણી મુંબઈમાં. આ પડકારનો માણસ એટલે શ્રી હર્ષદરાય પૂનમચંદ દોશી. સૂર્યની જેમ પોતે ઝળહળતા તો રહ્યા, પણ કેટલાંય ઘરોને રોશની આપી. તેમની વિદાયથી કેટલાય માણસો નિરાધાર થઈ ગયા. અજાતશત્રુ હર્ષદભાઈની બોરીવલીમાં The Last Journeyમાં જોડાયેલી રેકર્ડરૂપ કહી શકાય તેવી આઠથી દશ હજારની મેદની એ પુરાવો આપે છે કે તેઓ કેટલા પરદુખભંજન હતા. આપણા જે.જે.સી.ના સમૂહલગ્નના વર્ષ ૧૯૯૫ અને ૧૯૯૬ એમ બે વર્ષ તેઓ ભોજનદાતા હતા. એ રીતે તેઓ આપણી સાથે પણ જોડાયેલા હતા. આપણા હાયર એજ્યુકેશન અભિયાનથી તેઓ પ્રભાવિત થયા હતા, પણ તુરત જ તેઓ ગંભીર રીતે બીમાર થઈ માદરે વતન વલભીપુર સ્થળાંતર કરી જતા તેમનો સંપર્ક થઈ શક્યો નહીં. તેમનું જીવન એક પ્રેરક કથા સમાન છે.

તા. ૧૫-૧૨-૧૯૫૪ના રોજ જન્મેલા હર્ષદભાઈ ભણવામાં સાવ જ નબળા. માસ્તરને મલમલના ધોતિયા આપી ચડાઉ પાસ કરતાકરતા મેટ્રિક સુધી માંડમાંડ પહોંચ્યા અને છેવટે M.A.B.F. (મેટ્રિક એપિયર્ડ બટ ફેઈલ)ની ડિગ્રી હાંસલ કરી.

પણ બાળપણમાં તેમને એક કૂતરું કરડી ગયું. યોગ્ય સારવારના અભાવે પગની મુવમેન્ટ બંધ થઈ ગઈ અને ધીમે ધીમે હાથનું પણ હલનચલન બંધ થઈ ગયું. છેવટે ૨૬ વર્ષની ઉંમરે નસીબ અજમાવવા મુંબઈ આવ્યા. સાવ અપંગ હોવા છતાં હોંસલો બુલંદ હતો. ગચ્છાધિપતિ શ્રીમદ સુબોધ સાગરસૂરિશ્વરજી મહારાજના હાથ-સાથ અને સંગાથ મળ્યા. કુદરતના કારમા આઘાત સામે લડી લેવા કૃતનિશ્ચયી બની એક સામાન્ય સાઈટ સુપરવાઈઝરની નોકરી કરતા મીરા રોડમાં બ્રોકરેજનું કામ ચાલુ કર્યું અને છેવટે ૧૯૯૨માં યુનિક શાંતિ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન કંપની ચાલુ કરી. શાંતિ પાર્ક નામની નગરી મીરા રોડમાં ઊભી કરી. શ્રી ભરતભાઈ (ડાયમન્ડવાળા)નો સાથ મળ્યો અને અનેક બિલ્ડિંગ ઊભાં કર્યાં. ભૂમિપૂજનના દિવસે જ તેઓ વ્હીલચૅર પર બેઠા... પછી ક્યારેય એ ચૅરનો સાથ છોડ્યો નહીં. જ્યારે શાંતિ પાર્કનો આટલો મોટો પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે તેમની પાસે ખિસ્સામાં પૈસા પણ ન હતા, પણ એ જ અરસામાં આવેલ હિંદી પિક્ચર ત્રિશૂલના અમિતાભ બચ્ચનના મુખે કહેવાયેલા એક ડાયલોગની તેમના જીવન પર જબ્બર અસર થઈ. અમિતાભ જ્યારે જમીન લેવા જાય છે ત્યારે બોલે છે **''इस वक्त मेरी जेब में फूटी कोडी भी नहीं है.''** આ પ્રેરણાત્મક વાક્ય તેમના જીવનનો મંત્ર બની ગયો અને તેમણે જે સ્વપ્નસૃષ્ટિ બનાવી તે સૌ જાણે છે.

એક શારીરિક અક્ષમ વ્યક્તિ કાં તો લાચાર બની જાય, જગત માટે બોજ બની જાય અથવા ઇશ્વરને પેટ ભરીને ગાળો આપે, પણ હર્ષદભાઈ એવી વ્યક્તિ ન હતા. લાચારીને દૂર ફગાવી દઈ જબરદસ્ત આત્મવિશ્વાસથી સ્વપ્નસૃષ્ટિનું સર્જન કર્યું. ઈશ્વરના અન્યાય સામે મનુષ્યના પુરુષાર્થની જીત થઈ અને ત્યાર બાદ જગત માટે ઉપકારક સાબિત થઈ શકે તેવાં સામાજિક કાર્યોમાં મચી પડ્યા. મીરા રોડને મેનહટન બનાવ્યું. એવાં અસંખ્ય કાર્ય કર્યાં કે જનહૃદયમાં અંકિત થઈ ગયા. માદરે વતનને ક્યારે ભૂલ્યા નહીં. મીરા રોડમાં ઉચ્ચ અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓ માટે અદ્યતન હૉસ્ટેલ બનાવવાનો પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે.

આ એક પ્રેરક કથા છે. શબ્દકોશમાંથી લાચારી-હતાશા-નિરાશા-આંસુ અને પીડા કાઢી નાખો અને Strong Will Powerની પાંખે મંડી પડો ધ્યેય તરફ. આવા મહાન માણસ ગુમાવી જૈન સમાજ સંતાપ અનુભવે છે. ચાલો આપણે જે.જે.સી.ના ૬૨૦૦૦ સભ્યો સાથે મળીને પ્રભુને પ્રાર્થના કરીએ કે ''હે પ્રભુ, તેમના આત્માને ચિરશાંતિ આપશો.''

## શ્રદ્ધાંજલિ

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બૉર્ડ પરિવારના સભ્યોના અવસાન બદલ ખેદ અનુભવે છે અને શ્રદ્ધાંજલિ અર્પે છે.**

- જે.જે.સી.-બીચ સાઈડના મહેન્દ્રભાઈ માણેકલાલ શાહ તે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના ભૂતપૂર્વ ચૅરમૅન માણેકલાલ કે. શાહના પુત્ર તા. ૬-૯-૨૦૦૯ના રોજ અરિહંતશરણ પામ્યા છે.
- જે.જે.સી.-ચેમ્બુરના (જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડના ભૂતપૂર્વ સેક્રેટરી વસંતભાઈ છેડાનાં ધર્મપત્ની) નિર્મળાબહેન તા. ૯-૯-૨૦૦૯ના રોજ અરિહંતશરણ પામ્યાં છે.
- જે.જે.સી.-સાયન-માટુંગાના ભારતીબહેન વિજય એમ. શેઠ તા. ૧૨-૯-૨૦૦૯ના રોજ અરિહંતશરણ પામ્યાં છે.

# ડૉ. ઘનશ્યામ દોશીનું પ્રિસ્ક્રિપ્શન

Rx મીઠું જીવન માટે અને સ્વાદ માટે ખૂબ જરૂરી છે. મીઠું ખોરાકને અનેરો સ્વાદ આપે છે. ચટપટી વાનગીઓમાં મીઠું સારા એવા પ્રમાણમાં હોય છે. મીઠા વગરના ફરસાણની કલ્પના કરવી જ મુશ્કેલ છે. બીજી બાજુ દાળ-શાકમાં વધારે મીઠું પડી જાય તોપણ સ્વાદ બગડી જાય છે.

મીઠું પ્રમાણસર હોય તો જ જીભને સ્વાદ આવે છે. સપ્રમાણ મીઠું કોને કહેવાય તે જ ચર્ચાનો વિષય છે. સ્વાદની દૃષ્ટિએ આ પ્રમાણ અલગઅલગ હોઈ શકે છે.

## મીઠું કેટલું ફાયદાકારક કેટલું નુકસાનકારક ?

મીઠાનું રાસાયણિક નામ સોડિયમ ક્લોરાઇડ છે. તેમાં ૪૦ ટકા સોડિયમ અને ૬૦ ટકા ક્લોરાઇડ છે. જીવન માટે સોડિયમ જરૂરી છે. લગભગ હરેક ખાદ્યપદાર્થમાં તે ખનીજ તરીકે જુદાજુદા પ્રમાણમાં હોય છે. અનાજ, કઠોળ, શાકભાજી, ફળો અને દૂધમાં પણ મીઠું કુદરતી સ્વરૂપમાં હાજર જ છે.

**મીઠાની ઉપયોગિતા :**

૧) હૃદયના નિયમિત ધડકારા માટે સાયનો એટ્રીયલ નોડ (S. A. Node) નામનું સૂક્ષ્મ એન્જિન જવાબદાર છે. આ S. A. Nodeને કાર્ય કરવા માટે સોડિયમ જરૂરી છે.

૨) ક્લોરાઈડ આયન રક્તપ્રવાહી (પ્લાઝમા)નું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. લોહીના રક્તકણોનો આકાર જાળવી રાખવા સોડિયમનું ચોક્કસ પ્રમાણ જરૂરી છે.

૩) જ્ઞાનતંતુઓ દ્વારા સંદેશવહન (Nerve Impulse) માટે સોડિયમ જરૂરી છે.

૪) શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા માટે સોડિયમ ક્લોરાઇડ જરૂરી છે. સોડિયમ ક્લોરાઇડની પાણી સાથે અભિન્ન મિત્રતા છે. સોડિયમ ક્લોરાઇડનો દરેક કણ પાણીને સંગ્રહી રાખે છે.

૫) કોષની અંદર પોષક તત્ત્વો પહોંચાડવા માટે સોડિયમ જરૂરી છે.

૬) ક્લોરાઈડ આયન જઠરમાં હાઇડ્રોક્લોરિક ઍસિડના ઉત્પાદન માટે જરૂરી છે.

૭) શરીરના દરેક કોષના કોષદ્રવ્યનું સંતુલન જાળવવા સોડિયમ ક્લોરાઇડ જરૂરી છે.

**ખોરાકમાં મીઠાનું આદર્શ પ્રમાણ :**

પ્રતિદિન ૫ ગ્રામ – સામાન્ય માનવી માટે

પ્રતિદિન ૨ ગ્રામ – હાઈ બ્લડપ્રેસરના દર્દીઓ માટે

ભીષણ ગરમીમાં બહુ પરસેવો વળવાથી થોડું વધારે મીઠું લેવું જરૂરી છે. આજના આપણા ખોરાકમાં લગભગ પ્રતિદિન ૧૦ થી ૧૨ ગ્રામ મીઠું લઈએ છીએ જે ઇચ્છનીય પ્રમાણ કરતાં બમણું છે.

**વધુ મીઠું લેવાથી થતું નુકસાન:**

૧) હાઈ બ્લડપ્રેસર – વધુ મીઠું લેવાથી લોહીનું વૉલ્યુમ વધે છે અને હૃદયને આ વધુ લોહીનું પમ્પિંગ કરવામાં વધુ બળ કરવું પડે છે. આથી હાઈ બ્લડપ્રેસર થાય છે. જોકે હાઈ બ્લડપ્રેસર થવાનાં ઘણાં અન્ય કારણો પણ અસ્તિત્વમાં છે.

૨) એડ્રીનલ ગ્રંથિને વધુ નુકસાન થાય છે.

૩) શરીરમાં સોડિયમ ક્લોરાઈડનું પ્રમાણ વધે છે. આ વધારાના સોડિયમ ક્લોરાઈડને બહાર કાઢવા માટે કિડનીને વધુ કાર્ય કરવું પડે છે અને કિડની કમજોર પડે છે.

૪) આહારમાં વધુ મીઠું લેવાથી શરીરનું વજન વધે છે.

૫) શરીરમાં સોજા ઉત્પન્ન થાય છે.

૬) ખોરાકમાં વધુ મીઠાના પરિણામસ્વરૂપ લોહીમાં વધુ સોડિયમ ક્લોરાઈડ રહે છે. આથી હાડકાંનું કૅલ્શિયમ બહાર નીકળીને લોહીમાં ભળે છે. આથી હાડકાં કમજોર પડે છે. ઑસ્ટિયોપોરોસીસ થાય છે.

૭) વધુ સોડિયમ ક્લોરાઇડથી રક્તવાહિનીઓની દીવાલ વધુ સખત બને છે, તેથી લોહીનું પરિભ્રમણ ધીમું પડે છે.

આપણને નાનપણથી અપાતા ખોરાકથી સ્વાદની ટેવ પડે છે. તે મોટી ઉંમરે પણ ચાલુ રહે છે, પણ તે જન્મજાત નથી. આ ટેવ બદલવી અઘરી છે, પણ અશક્ય તો નથી જ. આપણે આગળ જોયું કે અનાજ, કઠોળ, શાકભાજી અને ફળોમાં કુદરતી રીતે જ મીઠાનું પ્રમાણ હોય છે. તેથી રાંધતી વખતે જેટલું ઓછું મીઠું ઉમેરાય તેટલું વધુ સારું.

**કેટલાંક સૂચનો :**

૧) જમતી વખતે ઉપરથી મીઠું બિલકુલ લેવાનું નથી. ડાઈનિંગ ટેબલ પરથી મીઠાની બોટલ દૂર કરો.

૨) રસોઈ કરતી વખતે રોટલી, ભાખરી, ભાત, રોટલામાં બિલકુલ મીઠું ન નાખશો.

૩) સલાડ પર મીઠું ભભરાવવાને બદલે લીંબુ, કોથમરી-મરચાં અને ધાણાજીરું નાખવાનું રાખો.

૪) ખોરાકમાં પાપડ, અથાણા, ચટણીઓ, સોસ, ગાંઠિયા, ચવાણું લેવાથી મીઠાનું પ્રમાણ હદ બહાર જાય છે. આ આઈટમોની વપરાશ ઓછી કરો અથવા તો બંધ જ કરો.

૫) બિસ્કિટ, બટર, બ્રેડ, ચીઝ વગેરેમાં પણ મીઠું હોય છે. બ્રેડની એક સ્લાઈસમાં ૦.૫ ગ્રામ મીઠું હોય છે તે ગણતરીમાં લો.

૬) તૈયાર ખાદ્યપદાર્થોમાં સ્વાદ લાવવા, સોડમ વધારવા, જાળવણી કરવા વગેરે કામ માટે જુદા જુદા સોડિયમયુક્ત પદાર્થો ઉમેરવામાં આવે છે તે જાણી લો.

| | |
|---|---|
| મોનો સોડિયમ ગ્લુટામેટ | — સ્વાદ તથા સોડમ વધારવા |
| સોડિયમ બેન્ઝોએટ | — પદાર્થોની જાળવણી માટે |
| સોડિયમ કેસીનેટ | — ઘટ્ટતા લાવવા |
| સોડિયમ સેકેરીન | — ગળપણ માટે |
| સોડિયમ સાઈટ્રેટ | — હળવાં પીણાંમાં ઉપયોગી |
| સોડિયમ ફોસ્ફેટ | — ઘટ્ટતા લાવવા |
| સોડિયમ પ્રોપિયોનેટ | — ઘનતા અટકાવવા |
| સોડિયમ બાયકાર્બોનેટ | — અનાજ ઝડપથી રાંધવા |
| સોડા એશ | — પોચાપણું લાવવા (ગાંઠિયામાં) |

**મીઠું ઓછું ખાવાના ફાયદા :**

૧) બ્લડપ્રેસર કન્ટ્રોલ કરવાની દવાઓની અસર વધુ સારી રીતે થાય છે.
૨) પેશાબમાં પોટેશિયમ નીકળી જતું અટકે છે.
૩) હૃદય પહોળું થતું હોય તો ફરી મૂળ સ્વરૂપમાં આવે છે.
૪) પેશાબમાં કૅલ્શિયમ અને પ્રોટીન જતું અટકે છે.
૫) ઓસ્ટિયોપોરોસીસ (હાડકાં પોલાં થવાં) થતું અટકે છે.
૬) હોજરીનું કૅન્સર થતું અટકે છે.
૭) સ્ટ્રોક (મગજની નસમાં લોહી જામી જવું કે હેમરેજ થવું)ની શક્યતા ઘટી જાય છે.
૮) દમ થતો અટકે છે.
૯) મોતિયો થવાની શક્યતા ઓછી થઈ જાય છે.
૧૦) હાઈ બ્લડપ્રેસર થવાની સંભાવના ઘટે છે.

આમ મીઠાનો સંભાળપૂર્વક ઉપયોગ જરૂરી છે. તે શરીર માટે યોગ્ય માત્રામાં ઉપયોગી છે, પણ વધુ પ્રમાણ નુકસાનકારી છે.

મીઠાનો ઉપયોગ ઘટાડવામાં થોડી તકલીફ પડશે, પણ ગંભીરતાપૂર્વક અને દૃઢતાપૂર્વક વળગી રહેવાથી સ્વાદની ટેવ ધીમેધીમે પડી જશે.

આપનાં બાળકોને પણ તેમના સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્ય માટે આજથી મીઠાની વપરાશ ઓછી કરો. મીઠું, મેંદો, ખાંડ, સોડા વગેરેથી જેટલા દૂર રહેવાય તેટલું સારું.

■ **ડૉ. ઘનશ્યામ દોશી** (મો.: ૦૯૪૨૬૨૬૨૧૫૭)

## યુવામેળો

જૈન જાગૃતિ સેન્ટર, કલાનગરી દ્વારા ૧૧મા ''જીવનસાથી પસંદગી પરિચય મેળા''નું આયોજન તા. ૦૩-૦૧-૨૦૧૦ ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

સમય : સવારના ૮.૦૦ કલાકથી

સ્થળ : રમેશ પટેલ એસ્ટેટ, જૂના જી.આઈ.ડી.સી. રોડ, માંજલપુર, વડોદરા.

ફૉર્મ ઉપલબ્ધ : શ્રીમતી જ્યોતિ ભરત દોશી
૫૪, ગજાનન સોસાયટી, માંજલપુર, વડોદરા.
ફોન: ૦૨૬૫-૨૬૩૮૭૩૮, (મો) ૯૮૨૪૦૧૦૯૫૦

ઉપરાંત જેજેસી પરિવારનાં તમામ સેન્ટરોના પ્રમુખ પાસેથી ફૉર્મ મેળવી શકાશે.

ફૉર્મ ઉપરના એડ્રેસે પરત કરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| સંપર્ક : | શ્રી દિનેશ નાણાવટી | ૯૮૨૫૭૧૧૭૫૦ |
| | શ્રી હર્ષદ બગડિયા | ૯૩૭૬૨૧૦૧૬૭ |
| | શ્રી ભરત શાહ | ૯૮૨૪૩૮૮૯૯૦ |

ઉપરાંત કમિટીના કોઈ પણ સભ્યનો સંપર્ક કરી શકાશે.

## હવે આપમેળે જ હાર્ટ-વાલ્વનું સર્જન થશે

લંડન : બ્રિટનના વિજ્ઞાનીઓએ વિકસાવેલી સારવાર પદ્ધતિને લીધે હવે કાર્ડિઍકના દરદીના શરીરના સ્ટેમસેલમાંથી જ હાર્ટમાં આપમેળે વાલ્વનું સર્જન થશે અને હાર્ટ લોહીનું યોગ્ય દિશામાં પરિભ્રમણ કરવા લાગશે. લંડનની હેરફિલ્ડ હૉસ્પિટલના હાર્ટ-સર્જન માગદી યાકુબની આગેવાની હેઠળની એક ટુકડીએ પ્રથમ વખતે એક દરદીના શરીરમાં બોનમૅરો સ્ટેમસેલનો ઉપયોગ કરીને નવા હાર્ટ-વૉલ્વનું સફળતાપૂર્વક સર્જન કર્યું હતું.

આ ટીમે શરીરના માસ્ટરસેલ્સમાંથી સ્ટેમસેલ્સ લીધા હતા અને હાર્ટસેલ્સ બનાવવા માટે એનું કેમિકલ સાથે મિશ્રણ કર્યું હતું. એ પછી ખાસ પ્રકારના પ્લાસ્ટિકમાંથી બનાવેલા પાલખ જેવા સાધન પર એને ગોઠવ્યો હતો. એ સેલ્સમાંથી હાર્ટ-વાલ્વનો એક ઇંચ જેટલો ટિશ્યુ જ બચ્યો હતો. હવે આ સારવાર પદ્ધતિનો પ્રયોગ આ વર્ષે પ્રાણીઓ પર અને પછી માણસો પર કરવામાં આવશે.

# ''રસથાળ''

''જાગૃતિ સંદેશ'' આપની સમક્ષ ફરી વાર આપણા પરિવારની બહેનોનો પ્રિય વિભાગ 'રસથાળ' લઈને આવ્યું છે. જગ્યાના અભાવે અમુક સમય સુધી સમાવેશ થઈ ન શક્તો વિભાગ બહેનોની માગણીને લઈને, 'જાગૃતિ સંદેશ'ના પેજ વધતા, ફરી વાર ચાલુ કરીએ છીએ. ધ્યાન રહે કે આ વિભાગ બહેનો દ્વારા જ સંપાદિત કરવાનો છે.

આ જવાબદારી શ્રીમતી કાશ્મીરા હરડે (પ્રમુખઃ જે.જે.સી.-લે. વિ. મહેસાણા)ને સોંપવામાં આવી છે. બહેનોએ તેમની રેસિપી સુંદર-સ્પષ્ટ અક્ષરોમાં પેપરની એક બાજુ લખીને, ફાઈલ કરવા માટે જરૂરી માર્જિન (હાંસિયો) રાખીને નીચેના એડ્રેસે મોકલી આપવી.

યાદ રહે કે 'રસથાળ'માં ક્યાંય નોનજૈન કે બિનઆરોગ્યપ્રદ વાનગી ન આવવી જોઈએ. કઈ રેસિપી ક્યારે છાપવી તે સંપાદકના નિર્ણયને આધીન રહેશે. તે માટે કોઈએ વાંધા કાઢવા નહીં.

કોઈક કારણસર ન છપાયેલી રેસિપી પરત કરવામાં આવશે નહીં. સિઝનલ વાનગી આવકાર્ય રહેશે. તો બહેનો તૈયાર થઈ જાવ.

– તંત્રી

એડ્રેસ : શ્રીમતી કાશ્મીરા આર. હરડે
સમક્તિ, પટવા પોળ, આઝાદ ચોકની બાજુમાં,
મહેસાણા – ૩૮૪૦૦૧. મો.: ૦૯૪૨૮૯૬૦૩૩૩

## પટ્ટી સમોસા

● **ઉપરના પડ માટે** : ૧ વાટકો મેંદો, ૧ ચમચો કોર્ન ફ્લોર, ચપટી મીઠું, બધું ભેગું કરી પાણીથી રોટલી જેવો લોટ બાંધી ૧૦ થી ૧૫ મિનિટ ઢાંકી રાખો. જરાક તેલવાળો હાથ કરી કુણવી લ્યો. તેમાંથી ૧૦ લૂઆ (ગોયણાં) બનાવો. બધાની નાની-નાની રોટલી વણી લ્યો. દરેક પર તેલ લગાવો (એક પણ જગ્યા કોરી રહે નહીં તેનું ધ્યાન રાખો). ઉપર થોડો મેંદો ભભરાવો. બીજી રોટલી ઊંધી પાડી દો. ફરીથી તેલ લગાવી લોટ ભભરાવો. આમ બધી જ રોટલીનો થપ્પો કરો. મોટો રોટલો વણો. તવી ગરમ કરી તેના પર રોટલો મૂકો. ગરમ થાય એટલે ફેરવી લ્યો. ઉપરનું પડ ઉપાડી લ્યો. ફરીથી ફેરવી લ્યો. ફરી પાછું પડ ઉતારી લ્યો, આમ બધાં જ પડ વારાફરતી ફેરવતાં જાવ અને ઉતારી લ્યો. ગૅસનો તાપ મધ્યમ રાખવો. થયેલ રોટલીમાંથી સરખા આકારની ત્રણ પટ્ટી કાપી લ્યો. સમોસાની પટ્ટી તૈયાર.

● **પૂરણ માટે** : ૧ વાટકી વટાણા (સૂકા) અધકચરા બાફી મરચાં કટરમાં ક્રશ કરો અને લીલા વટાણા હોય તો કાચા જ ક્રશ કરો. એક વાટકી ચણાની દાળ લઈ ૨ થી ૩ કલાક પલાળી કોરી કરી ક્રશ કરો. થોડા તેલમાં શેકી લ્યો. ત્યાર બાદ નીચે ઉતારી ખાંડ, લીંબુનો રસ, મીઠું, ગરમ મસાલો, લીલાં મરચાં ક્રશ કરેલા સ્વાદ અનુસાર ઉમેરી પૂરણ તૈયાર કરો.

વટાણા + કાચા કેળાનું પૂરણ પણ બનાવી શકાય. ચાઈનીઝ પૂરણ પણ કરી શકાય. મગદાળનું પૂરણ પણ કરી શકાય. પટ્ટીમાં પૂરણ ભરી (મેંદા + પાણી ઉમેરી (લય) ઘટ્ટ ખીરું તૈયાર કરો) લયથી ચોંટાડી સમોસા તૈયાર કરો.

## કાચા કેળાનો લીલો ચેવડો

● **સામગ્રી** : કાચાં કેળાં ૧ કિલો, દ્રાક્ષ ૫૦ ગ્રામ, કાજુ ૫૦ ગ્રામ, સિંગ ૫૦ ગ્રામ, એક વાટકો ચણાની દાળ, એક વાટકી ખાંડ, લીલાં મરચાં ૧૦૦ ગ્રામ, ૪ ચમચા લીંબુનો રસ, તળવા માટે તેલ, ૧ ચમચી સોડાબાય કાર્બ.

● **વઘાર માટે** : તેલ ૩ ચમચા, મીઠા લીમડાના પાન, રાઈ ૧ ચમચી, સમારેલાં લીલાં મરચાં, તલ ૨ ચમચી, હળદર અડધી ચમચી, ૪થી ૫ નંગ લવિંગ, આખા ધાણા ૧ ચમચી, વરિયાળી ૧ ચમચી.

● **રીત** : ચણાની દાળને ૭ થી ૮ કલાક પલાળી રાખો. પલાળતી વખતે ૧ ચમચી સોડાબાય કાર્બ નાખો. પલળી ગયા બાદ દાળને ૩ થી ૪ વખત પાણીથી ધોઈ લ્યો અને ચારણીમાં કોરી કરો. એક કઢાઈમાં તેલ ગરમ કરી બધી દાળને તળી લ્યો. દાળ ઉપર આવે એટલે તરત જ કાઢી લેવી. કડક ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. સિંગને શેકી ફોતરાં કાઢી તળી લેવી. કેળાની છાલ ઉતારી સીધું ગરમ તેલમાં જ કેળાનું છીણ તળવું. ત્યાર બાદ કેળાનું છીણ, તળેલી ચણાની દાળ, તળેલી સિંગ મિક્સ કરો, ખાંડ અને લીંબુનો રસ ભેગાં કરી ચાસણી કરવી. એક કઢાઈમાં ત્રણ ચમચા તેલ મૂકી વારાફરતી કાજુ-દ્રાક્ષ તળી લેવા, ત્યાર બાદ લીલાં મરચાં તથા વઘારની બાકીની સામગ્રી નાખી તૈયાર કરેલ ચેવડાના મિક્સમાં નાખો. ચાસણી ઉમેરી તવેતાથી હલાવી લેવું. સ્વાદ અનુસાર મીઠું ઉમેરવું. કેળાનો લીલો ચેવડો તૈયાર.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અર્પિતા મોહનભાઈ શાહ, ૧૩-૫-૧૯૭૮, ૫'-૦''<br>M.Com., B.Ed., Lecturer at S.N.D.T. | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બરોડા | (ઘર) ૨૬૪૩૦૮૨<br>(મો) ૯૮૯૮૦૬૭૪૬૫ |
| ૨) | બીજલ બિપીનભાઈ મહેતા, ૨-૧૨-૧૯૭૯, ૬'-૦''<br>C.S.I.A., – | દેરાવાસી જૈન<br>સાંતાક્રુઝ – મોરબી | (ઘર) ૨૬૪૯૦૪૧૫<br>(મો) ૯૮૨૦૪૬૩૨૬૭ |
| ૩) | ફોરમ મનહરભાઈ પારેખ, ૨૮-૩-૧૯૮૧, ૫'-૫''<br>B.A. Home Science – બ્યૂટિશિયન | દશા શ્રીમાળી દિગ. જૈન<br>લાઠી – વિલે પાર્લે (વેસ્ટ) | (ઘર) ૩૨૪૨૪૯૯૦<br>(મો) ૯૩૨૨૧૨૫૪૮૬ |
| ૪) | હેજલ સુધીરચંદ્ર શાહ, ૪-૪-૧૯૮૨, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી (વેસ્ટ) | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૮૦૦૮૦૨૮૯ |
| ૫) | હીરલ અશોકભાઈ શાહ, ૬-૧૨-૧૯૮૨, ૫'-૩''<br>B.Com., Fashion Design, Basic, Tally, – (શનિ છે) | દ. શ્રી. શ્વે. મૂ. પૂ. જૈન<br>ચોટીલા – વડોદરા | (ઘર) ૦૨૬૫-૨૪૮૧૦૨૯<br>(મો) ૯૮૨૫૧૯૧૮૮૧ |
| ૬) | જિજ્ઞા કિશોરભાઈ ગાંધી, ૨૨-૧-૧૯૮૫, ૫'-૨''<br>B.C.A., M.Sc. (ICT), – (સર્વિસ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુરેન્દ્ર નગર – સુરત | (ઘર) ૦૨૬૧-૨૨૩૭૫૫૫<br>(મો) ૯૮૨૫૨૧૭૪૪૪ |
| ૭) | જલ્પા મહેન્દ્રભાઈ લાખાણી, ૧-૧૦-૧૯૭૯, ૫'-૫''<br>T.Y.B.Com., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>દુધાલા – સાંતાક્રુઝ (વેસ્ટ) | (ઘર) ૨૬૦૫૫૬૩૦<br>— |
| ૮) | કૃપા કિશોરભાઈ ગાંધી, ૧૧-૭-૧૯૮૦, ૫'-૩''<br>B.Com., – (સર્વિસ) (છૂટાછેડા લીધેલ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુરેન્દ્રનગર – સુરત | (ઘર) ૦૨૬૧-૨૨૩૭૫૫૫<br>(મો) ૯૭૧૨૧૭૭૪૪૪ |
| ૯) | કિંજલ ભરતભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૨'' (મંગળ છે)<br>B.A., M.A., ECCEd, – (સર્વિસ – રિસોર્સ મૅનેજર) | વીસા ઓસવાલ જૈન<br>વીસનગર – ગોરેગામ | (ઘર) ૬૬૭૯૯૮૫૪૬<br>— |
| ૧૦) | મીતા પ્રમોદરાય ગાંધી, ૨૮-૩-૧૯૮૦, ૫'-૦''<br>S.S.C., – | દશા શ્રીમાળી દેરા. જૈન<br>બાંટવા – બોરીવલી | (ઘર) ૨૮૩૩૫૭૬૧<br>(મો) ૦૯૨૨૪૮૧૯૯૭૯ |
| ૧૧) | નીધિ હસમુખલાલ શાહ, ૧૧-૪-૧૯૭૪, ૫'-૨''<br>ઑપ્થાલિકમાં ડિપ્લોમા, સર્વિસ | ઝાલાવાડી સ્થા. જૈન<br>ધ્રાંગધ્રા – અંધેરી (વેસ્ટ) | (ઘર) ૨૬૨૧૧૧૭૮<br>(મો) ૯૮૩૩૪૦૬૦૧૪ |
| ૧૨) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૦૬૨૫૭૮૯) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઘર) ૨૪૯૮૫૭૮૯<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |

# યુવક

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભાવેશ રમેશભાઈ શાહ, ૩-૨-૧૯૮૧, ૫'-૯''<br>Dip. Comp. Hardware, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જામનગર – મુંબઈ | (ઘર) ૨૫૦૬૯૭૭૬<br>(ઑ) ૬૫૭૫૧૫૦૮ |
| ૨) | ચેતન એચ. શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., – પોતાનો બિઝનેસ (નિર્દોષ ડાયવોર્સી) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>લાઠીદળ – બોરીવલી | —<br>(મો) ૯૮૬૯૫૨૯૮૦૦ |
| ૩) | મયુર ભરતભાઈ મહેતા, ૫-૧૦-૧૯૮૦, ૫'-૯''<br>B.E. Computer, – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>મોરબી – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૯૭૬૪૧<br>(મો) ૯૮૯૦૧૩૬૬૬૨ |
| ૪) | મેહુલ મહેન્દ્રભાઈ શાહ, ૨૩-૧-૧૯૮૧, ૫'-૧૦''<br>T.Y.B.Com., – ડાયમંડમાં મૅનેજર | વીસા ઓસ. દેરા. જૈન<br>વેરાવલ – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૮૪૩૯૫<br>— |
| ૫) | રાકેશ અશોકકુમાર દલાલ, ૧-૮-૧૯૭૬, ૫'-૬''<br>T.Y.B.Com., – સર્વિસ – ઈમિટેશન જ્વેલરી | દશા શ્રીમાળી દેરા. જૈન<br>વીસનગર – કાંદિવલી | (ઘર) ૬૫૭૮૨૩૬૬<br>— |
| ૬) | વિશાલ હસુભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>બી.કૉમ., કૉમ્પ્યુટર કોર્સ, પોતાનો બિઝનેસ | દેરાવાસી જૈન<br>લાઠીદળ – બોરીવલી | —<br>(મો) ૯૮૧૯૬૫૭૦૪૯ |
| ૭) | ધર્મેશ પ્રાણલાલ પારેખ, ૧૦-૧૧-૧૯૬૪, ૫'-૯''<br>B.Com., – પ્રૉપર્ટી કન્સલ્ટંટ ડેવલપર (છૂટાછેડા લીધેલ છે) | દશા શ્રી. દિગંબર જૈન<br>લાઠી – વિલે પાર્લે (વે) | (ઘર) ૨૬૧૪૮૮૯૩<br>(મો) ૯૮૯૨૭૦૧૪૫૦ |
| ૮) | દેવાંગ મહેન્દ્રભાઈ ભણશાલી, ૨૭-૩-૧૯૭૧, ૫'-૫''<br>S.Y.B.Com., Computer Course, – સર્વિસ (હળવો મંગળ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>પોરબંદર – અંધેરી (ઈસ્ટ) | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>— |
| ૯) | સંપ્રતિ કિશોરભાઈ ગાંધી, ૧૭-૨-૧૯૮૧, ૫'-૮''<br>B.E.,M.I.S. Adv. (ગ્રીફિથ યુનિ.), સર્વિસ (બ્રીસબીન ઑસ્ટ્રેલિયા) | વીસા નીમા શ્વે. દેરા. જૈન<br>વેજલપુર – અંધેરી (ઈ) | (ઘર) ૨૮૨૦૪૧૮૫<br>(મો) ૯૮૩૩૯૨૭૦૪૯ |
| ૧૦) | ૠષભ પ્રકાશભાઈ શાહ, ૧૦-૬-૧૯૮૪, ૫'-૮''<br>B.Com., – | દેરાવાસી જૈન<br>ધ્રાંગધ્રા – વિલે પાર્લે (ઈસ્ટ) | —<br>(મો) ૯૮૨૦૦૮૧૯૦૩ |
| ૧૧) | દિપેશ કિશોરભાઈ મહેતા, ૨૨-૧૧-૧૯૭૭, ૫'-૬''<br>S.Y.B.Com., – ક્લોથ મર્ચન્ટ | ઝાલાવાડી દેરા. જૈન<br>સુરેન્દ્રનગર | (ઘર) ૦૨૭૫૮-૨૬૦૩૫૮<br>(મો) ૯૨૨૮૨૭૧૬૫૯ |
| ૧૨) | દેવેન્દ્ર શાંતિલાલ સંઘવી, ૨૫-૭-૧૯૭૮, ૫'-૧૦''<br>H.S.C., Dip. in Compu. Ope. (D.C.O.) – | જૈન<br>સાવરકુંડલા – માટુંગા | (ઘર) ૨૪૧૪૯૧૪૧<br>(ઑ) ૨૩૪૨૧૯૯૭ |
| ૧૩) | સંજય હસમુખરાય શાહ, ૨૭-૮-૧૯૬૮, ૫'-૫''<br>H.S.C., – ચશ્માંનો બિઝનેસ | ઝાલાવાડી સ્થા. જૈન<br>ધ્રાંગધ્રા – દહિસર | (ઘર) ૨૬૨૧૧૧૭૮<br>(દૂ) ૨૦૬૦૫૬૦૫ |
| ૧૪) | સચીન દિનેશ શાહ, ૨૭-૨-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – સોફ્ટવેર યુ.એસ.એ. સર્વિસ | શ્વેતામ્બર<br>ભુજ – મુંબઈ | (ઘર) ૨૮૩૮૭૮૩૮<br>(મો) ૯૮૨૧૦૨૪૩૯૦ |
| ૧૫) | સુમેશ પ્રકાશચંદ્ર શાહ, ૧૩-૧૨-૧૯૭૨, ૫'-૧૧''<br>B.E., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | દિગંબર જૈન<br>દાહોદ – કાંદિવલી | (ઘર) ૨૬૬૧૫૧૨૨<br>(મો) ૯૮૨૦૦૩૪૪૨૮ |

# HIGHER EDUCATION DONATION - 2009

## JJC - BEACH SIDE

| | |
|---|---|
| Rajesh C. Doshi | 5001 |
| Rakesh P. desai | 1000 |
| Udani Mehta & Co. Ch. Acc. | 2500 |
| Harish Savla | 11000 |
| Bhavin Kanchanlal Shah | 1000 |
| Shantilal M. Chheda | 2000 |
| Indira K. Modi | 2000 |
| Ketan P. Shah | 1500 |
| Kamlesh Shah | 1000 |
| Kamini Jayesh Shah | 2000 |
| Hitesh Shah | 2500 |
| Rajnikant M. Shah | 2501 |
| Shailesh B. Shah | 1000 |
| Javahar V. Maniar | 2000 |
| Organic Coatings Ltd | 15000 |
| Nimish Khakhar | 5000 |
| Ketan M. Damani | 1000 |
| Vijay K. Desai | 1000 |
| Atul Kamdar | 1000 |
| Haresh Vora | 1000 |
| Bharat J. Kapadia | 1000 |
| A. I. Kapadia & Associates | 2500 |
| Jagruti J. Vora | 1000 |
| Mukesh R. Shah | 2000 |
| Uday Sanghvi | 11000 |
| Nilesh Parikh | 5000 |
| Anand Jain | 5000 |
| Raju Kothari | 5000 |
| Jitu Solanki | 5000 |
| Rakesh/Sanjiv/Kapur/Girish | 5000 |
| Amit Jain | 1100 |
| Shailesh M. Shah | 1000 |
| Prashant C. Shah | 1000 |
| Miniesh R. Shah | 2000 |
| Nimish Shah | 1500 |
| Shirish Shah & Group | 8000 |
| Chandrakant Doshi | 1000 |
| Chetan Shah | 1100 |
| Jayesh Shah | 1100 |
| Sharad D. Shah | 11100 |
| Sureshchandra M. Shah | 1500 |
| Suresh Sheth | 1000 |
| Bindesh Vakharia | 1000 |
| Chetan Vakharia | 1000 |
| Jayesh C. Shah | 5000 |
| Shreyas S. Shah | 2500 |
| Naresh D. Kapadia | 2000 |
| Krishna Doshi | 1000 |
| Raju Shah | 1000 |
| Bhavesh D. Shah | 1000 |
| Kiritbhai Shah | 1000 |
| Kiritbhai Shah | 5000 |
| Hemang Parikh | 1000 |
| Rajendra Shah | 1000 |
| Rajesh Doshi | 1000 |
| Mahendra Mehta | 1000 |
| Deepak M. Gala | 2000 |
| Well Wisher | 2500 |
| Meghna Devang | 2500 |
| Jayesh M. Savla | 1000 |
| Jitendra Shah | 1500 |
| Preeti Jayesh Bhansoli | 1111 |
| Minish R. Mehta | 2500 |
| Gada Manilal | 1100 |
| Rita Nainesh | 2500 |
| Rajesh Shah | 2500 |
| Rajeshbhai | 1000 |
| Prakash Chheda | 1100 |
| Pankaj Dedhia | 1100 |
| Navin Chheda | 1100 |
| Shantilal Chheda | 2000 |
| Kirti Chitaliya | 1001 |
| Manoj V. Jain / Well Wisher | 5000 |
| Satish Sanghai | 1001 |
| Samir Vakharia | 1000 |
| Pankaj M. Gopani | 1000 |
| Nitin B. Gandhi | 1000 |
| Kirti T. Shah | 1000 |
| Hasmukh M. Visaria | 2500 |
| Dinesh Sanghai | 1000 |
| Anil Bhagni | 1100 |
| Dr. Parikh | 1500 |
| 5 Persons | 5000 |
| Paresh B. Shah | 2000 |
| Juhu 5th Road | 4000 |
| Rajiv K. Shah | 1000 |
| Suresh M. Shah | 1000 |
| Bipin C. Shah | 1000 |
| Mukesh Maru | 5001 |
| Manish P. Shah | 1000 |
| Surendra Jain | 2000 |
| Alpesh R. Dedhia | 500 |
| Bhagwati Kacchara | 1000 |
| Mahendra Chaplot | 1000 |
| Ambalal Jain | 1000 |
| Surendra D. Mehta | 1500 |
| Shailesh R. Mehta | 1000 |
| Sudhir V. Shah | 1000 |
| Milind P. Wagle | 1000 |
| Bhavesh B. Chandra | 1000 |
| Jayant T. Desai | 1500 |
| Deepak D. Hemani | 2500 |
| Mansukhlal G. Galiyania | 1000 |
| Jaykant M. Parikh | 2000 |
| Amratlal H. Mody | 2500 |
| Sameer Wakharia | 1000 |
| Satish P. Sanghai | 1000 |
| Kanti Shah | 5000 |
| Shailesh D. Shah | 125000 |

## JJC - SEA SIDE

| | |
|---|---|
| Manish Shah | 1000 |
| Nitin R. Parikh | 1000 |
| Bhupendra K. Gandhi | 1000 |
| Jaina Kiran Shah | 1008 |
| Sanjit B. Gohil | 500 |
| Minesh Shah | 2000 |
| Bharat Kapadia | 1000 |
| Mahendra Shah | 1000 |
| Kalpana Mehta | 2500 |
| Nishith Shah | 500 |
| Parag Shah | 500 |
| Ketan Vakharia | 1001 |
| Milan Dalal | 1500 |
| Mahesh Shah | 500 |
| Nitin parekh | 1000 |
| Tushar Shah | 1000 |
| Prakash Goradia | 1000 |
| Sandeep Talajia | 1000 |
| Umesh Jobalia | 1000 |
| Piyush Shah | 500 |
| Pankaj P. Savani | 500 |
| Satish Doshi | 500 |
| Hiren Shah | 500 |
| Dilip Ghelani | 500 |
| Nitin Tolia | 500 |
| Manoj Sanghvi | 1000 |
| Hiren Shah | 5000 |

| | |
|---|---|
| Dhiren Shah | 1000 |
| Paras M. Shah | 501 |
| Niraj Sayamani | 2500 |
| Dilipbhai Jogi | 500 |
| Lalit Mehta | 1000 |
| Vishal Sheth | 1001 |
| Well Wisher | 500 |
| Harish Gogri | 1000 |
| Devang Shah | 1000 |
| Jignesh M. Gandhi | 500 |
| Laxmichand L. Kudu | 1000 |
| Rajesh R. Mehta | 1000 |
| Jayant Bhatt | 1000 |
| Deepak R. Vora | 2000 |
| Chetan Dagli | 2000 |
| Haresh K. Vora | 1000 |
| Nitesh A. Shah | 1000 |
| Sanjay P. Shah | 1000 |
| Jaydat K. Mehta | 1000 |
| Nitu Rajesh Sheth | 1000 |
| Vipul P. Shah | 1000 |
| Mayur R. Shah | 1000 |
| Rajendra M. Bhakta | 1000 |
| Kamal Shah | 1000 |
| Mayur V. Shah | 1000 |
| Hiten R. Vasa | 1000 |
| Vijaybhai Shah | 1500 |
| Sharad Shah | 1000 |
| Tejas P. Mehta | 5000 |
| Prakash Mehta | 1000 |
| Harshad Trivedi | 1501 |
| Narendra Bohra | 2000 |
| Hemant V. Shah | 2500 |
| Kirit Sanghvi | 5000 |
| Chetan R. Shah | 1000 |

JJC - BORIVALI

| | |
|---|---|
| Mukesh Jaychandra Shah | 1000 |
| Lalit Gosalia | 7500 |
| Mihir K. Shah | 11000 |
| Mahendra D. Mistry | 1000 |
| Naresh Parikh | 1000 |
| Rushabh R. Lakhani | 5000 |
| Atul Bhavsar | 2000 |
| Praful V. Kamdar | 25000 |
| Ashit J. Dagli | 3000 |
| Surjamal M. Jain | 2500 |
| Kirti B. Shah | 2100 |
| Shailesh P. Bavisi | 2000 |
| Devang Mehta | 2000 |
| Kaushik N. Ghatalia | 1501 |
| Anand G. Shah | 1500 |
| Devilal Jain | 1100 |
| Harish Sheth | 1000 |
| Jyesh H. Gandhi | 1000 |
| VIjay K. Jain | 1000 |
| Haresh H. Parekh | 1000 |
| Rajubhai C. Bagadia | 1000 |
| Dhiren K. Gala | 1000 |
| Manish M. Shaparia | 1000 |
| Maitri Group | 1000 |
| Bhadresh N. Shah | 1000 |
| Ashok N. Shah | 1000 |
| Chandrakant C. Badani | 1000 |
| Himanshu M. Gandhi | 1000 |
| Kantilal S. Punamia | 1000 |
| Mukesh S. Shah | 1000 |
| Bhavesh R. Parekh | 1000 |
| Dilip M. Jain | 1000 |
| Jinesh R. Parekh | 1000 |
| Ketan C. Parekh | 1000 |
| Manish S. Vora | 1000 |
| Mohan F. Parekh | 1000 |
| Narendra D. Shah | 1000 |
| Rasik Shah | 1000 |
| Bipin H. Vora | 1000 |
| Dilip P. Sanghrajka | 1000 |
| Hasmukhbhai M. Shah | 1000 |
| Kantilal S. Jain | 1000 |
| Atul R. Gathani | 1000 |
| Vijaybhai (Motibhai) | 1000 |
| Haresh Shah | 1000 |
| Nimesh Valia | 500 |
| Hitendra C. Bhayani | 500 |

## "નથી હોતી"

જિંદગી આપણે ધારી એટલી સરળ નથી હોતી,
ને બધી રાત બાદ સવાર નથી હોતી... જિંદગી...
દેખાવમાં કેવા સુંદર લાગે છે ?
કાગળનાં ફૂલોમાં સુગંધ નથી હોતી... જિંદગી...
શું કામ દેખાડતા ફરો છો હાથ બધાને
એમાં દેખાથી બધી રેખાઓ સીધી નથી હોતી... જિંદગી...
ધરે છે ધ્યાન કાંઠે બેસીને બગલો
માછલીને ક્યાં ખબર છે એની દાનત સારી નથી હોતી... જિંદગી...
કરાવે તું કરું એ બધું હું ખુદા
મારા એ બધા સાચા-ખોટાની જવાબદારી મારી નથી હોતી... જિંદગી...
શું કામ ફોસલાવો છો મને!
વારંવાર તમે ખાધેલી મારી 'કસમ' સાચી નથી હોતી... જિંદગી...
કહે છે આપનારનો હાથ હંમેશ 'ઉપર' હોય છે
છતાં 'ઉપરવાળા'ની નિયત કોઈ વાર સારી નથી હોતી... જિંદગી...
ચડ્યાં છે ઘનઘોર ને ઘટ્ટા-ટોપ વાદળો
વરસશે અહીં જ એવી આગાહી કાયમ સાચી નથી હોતી... જિંદગી...
અને છેલ્લે... જીવનભર બન્યા હોય જેના માટે ઢાલ 'મુકેશ'
એ જ નહીં ભોંકે પીઠ પાછળ ખંજર એની ખાતરી નથી હોતી... જિંદગી...
જિંદગી આપણે ધારી એટલી સરળ નથી હોતી,
ને બધી રાત બાદ સવાર નથી હોતી...

■ મુકેશ મણિયાર